# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

RNI NO. : GUJGUJ/2016/67425

05
DECEMBER, 2025
FRIDAY





પેજ 2





સિંધુભવન રોડ પર કોમનવેલ્થનું વિશાળ હોર્ડિંગ્સ દંપતી પર એકાએક પડ્યું

પેજ 3





9000 આંગણવાડી અને તેડાગર બહેનોને નિમણૂકપત્રો એનાયત

પેજ 7





ડભોઈના ફરતીકુઈ પાસે ગમખ્વાર અકસ્માતમાં એકનું કરૂણ મોત

પેજ 5

જંબુસરમાં પોલીસકર્મી સામે ACB એ લાંચનો ગુનો નોંધ્યો



I Pakkogujarat/ I VOL : 10 I Issue : 260 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN • MO : 9662420070 • E-Mail : pakkogujarat7@gmail.com


ડિનર બાદ ભેટમાં આપી ભગવદ્ ગીતા : કહ્યું દરેક સમસ્યાનો ઈલાજ આ ગ્રંથમાં છે

# PM મોદીએ ગળે લગાવીને કર્યું મિત્ર પુતિનનું સ્વાગત

## મને મારા મિત્ર પુતિનનું સ્વાગત કરવાની ખુશી છે: વડાપ્રધાન મોદી : પાલમ ઍરપોર્ટથી બંને નેતા એક જ કારમાં વડાપ્રધાનના આવાસ પહોંચ્યા



• નવી દિલ્હી

રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન આજથી બે દિવસની ભારતની મુલાકાતે આવી પહોંચ્યા છે. તેઓ આજે(4 ડિસેમ્બર) સાંજે લગભગ 6:45 વાગ્યે દિલ્હીના પાલમ એરપોર્ટ પર તેમનું વિમાન લેન્ડ થયું હતું. અહીં વડાપ્રધાન મોદીએ ગળે લગાવીને મિત્ર પુતિનનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું. રશિયાના રાષ્ટ્રપ્રમુખનું ગાર્ડ ઑફ ઓનરથી સ્વાગત કરાયું. ત્યારબાદ વડાપ્રધાન મોદી અને રાષ્ટ્રપ્રમુખ પુતિન એકસાથે એક જ કારમાં પીએમ આવાસ પહોંચ્યા હતા. જ્યાં પુતિન માટે પ્રાઈવેટ ડિનરનું આયોજન કરાયું હતું. ત્યારબાદ વડાપ્રધાન મોદીએ પુતિનને ભગવદ ગીતા ભેટ કરી હતી. જણાવી દઈએ કે, રશિયા-યુક્રેન યુદ્ધ શરુ થયા પછી આ તેમની ભારતની પહેલી મુલાકાત છે. તેઓ આવતીકાલે (5 ડિસેમ્બર) દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે 23માં ભારત-રશિયા વાર્ષિક શિખર સંમેલનમાં ભાગ લેશે. હાલ પુતિનની સુરક્ષાને લઈને દિલ્હીમાં સુરક્ષા હાઈ ઍલર્ટ પર છે.

પુતિનના આગમન બાદ વડાપ્રધાન મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર કેટલીક તસવીરો શેર કરીને લખ્યું છે કે, 'મને મારા મિત્ર પ્રમુખ પુતિનનું દિલ્હીમાં સ્વાગત કરવાની ખુશી છે. હું આજે સાંજે અને આવતીકાલે પુતિન સાથેની મુલાકાતોની રાહ જોઈ રહ્યો છું. ભારત અને રશિયા વચ્ચેની મિત્રતા સમયની કસોટી પર ખરી ઉતરી છે, તેનાથી આપણા લોકોને અપાર લાભ થયો છે.'

રશિયાના પ્રમુખ પુતિનનું વિમાન મોસ્કોથી દિલ્હીના પાલમ એરપોર્ટ પર લેન્ડ થયું હતું. જ્યાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રશિયાના પ્રમુખ પુતિનનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ બંને નેતા એક જ કારમાં વડાપ્રધાનના આવાસ પહોંચ્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન દિલ્હીમાં પીએમ આવાસ 7 LKM ખાતે પહોંચ્યા હતા. જ્યાં બંને નેતાઓના પ્રાઈવેટ ડિનર અને મુલાકાતનું આયોજન કરાયું છે.

વડાપ્રધાન મોદીએ પુતિનને રશિયન ભાષામાં ગીતાની એક નકલ ભેટ આપી. વડાપ્રધાન મોદીએ તેની તસવીર X પર શેર કરીને કહ્યું કે, 'ગીતાનું જ્ઞાન અને સંદેશ વિશ્વભરના લાખો લોકોને પ્રેરણા આપે છે અને તેના ઉપદેશો દરેક યુગમાં માનવતાને યોગ્ય દિશા બતાવે છે.'

એવું કહેવામાં આવી રહ્યું છે કે આ મુલાકાત દરમિયાન ભારત અને રશિયા વચ્ચે ઘણા મહત્ત્વપૂર્ણ કરારો પર હસ્તાક્ષર થઈ શકે છે, જેમાં S-400 મિસાઈલ સિસ્ટમની ખરીદીનો સમાવેશ થાય છે. રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિનની ભારતની છેલ્લી મુલાકાત 6 ડિસેમ્બર, 2021ના રોજ થઈ હતી, એટલે કે રશિયા-યુક્રેન યુદ્ધ પછી પુતિનની આ પહેલી ભારતની મુલાકાત છે. પ્રમુખ પુતિનની મુલાકાત ભારત-રશિયા વ્યૂહાત્મક સંબંધોની 25મી વર્ષગાંઠ નિમિત્તે છે. 2000માં રશિયાના પ્રમુખ પુતિન અને તત્કાલીન ભારતીય વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીની શરુઆત કરી હતી.

રશિયાના પ્રમુખ પુતિનની સાથે એક વિશેષ પ્રતિનિધિમંડળ પણ ભારત આવી પહોંચ્યું છે. આ બિઝનેસ ડેલિગેશનમાં રાજેશ શર્મા પણ છે, જેની રશિયામાં એક મોટી ફાર્માસ્યુટિકલ્સ કંપની છે. તેઓ 34 વર્ષથી રશિયામાં રહે છે. રશિયાની ફાર્મા કંપનીઓને ભારત સાથે મોટા કરાર થવાની આશા છે.

---

યુએસ વિઝા નિયમ પર બોલ્યા જયશંકર

# 'અમેરિકાએ નાની બાબતોમાં કડક કાર્યવાહી નહીં કરવી જોઈએ'

• વૉશિંગ્ટન



અમેરિકા દ્વારા વીઝા નિયમો વધુ કડક કરવાના પગલાં પર ભારતે સ્પષ્ટ પ્રતિક્રિયા આપી છે. વિદેશ મંત્રી એસ. જયશંકરે રાજ્યસભામાં જણાવ્યું કે, 'વીઝા આપવો એ કોઈપણ દેશનો સાર્વભૌમ અધિકાર છે અને અમેરિકા પોતાની રાષ્ટ્રીય સુરક્ષા માટે દરેક અરજીની તપાસ કરી રહ્યું છે, જે તેનો અધિકાર છે.'

જયશંકરે માહિતી આપી કે, 'વીઝા તપાસને હવે સંપૂર્ણપણે રાષ્ટ્રીય સુરક્ષા સાથે જોડી દેવામાં આવી છે. નવા નિયમો હેઠળ, 15 ડિસેમ્બરથી માત્ર વિદ્યાર્થી વીઝા જ નહીં, પણ H-1B અને H-4 વીઝાના અરજદારોના સોશિયલ મીડિયા એકાઉન્ટ પણ જાહેર રાખવા ફરજિયાત બનશે, જેથી વીઝા અધિકારી તેમની ઓનલાઈન ગતિવિધિઓની ગહન તપાસ કરી શકે.'

વિદેશ મંત્રીએ ચિંતા વ્યક્ત કરી કે, 'એપ્રિલ 2025માં નવી નીતિ લાગુ થયા બાદ કેટલાક ભારતીય વિદ્યાર્થીઓના વીઝા નાની ભૂલો ને કારણે રદ કરવામાં આવ્યા છે અથવા તેમને દેશ છોડવા દબાણ કરાયું છે. ભારત સરકાર દરેક ફરિયાદને ગંભીરતાથી લઈ રહી છે અને દૂતાવાસ મારફતે અમેરિકા સાથે સતત વાતચીત કરી રહી છે. ભારતે અમેરિકાને જણાવ્યું છે કે, નાના અપરાધો કે ટેકનિકલ ભૂલો પર આટલી કડક કાર્યવાહી ન કરવી જોઈએ.'

ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પનું વહીવટીતંત્ર સતત વીઝા નિયમો કડક કરી રહ્યું છે અને તેમનો તર્ક છે કે વીઝા એ કોઈ અધિકાર નથી, પરંતુ એક વિશેષાધિકાર છે અને દેશની સુરક્ષા માટે દરેક ડિજિટલ ગતિવિધિની તપાસ કરવી જરૂરી છે. ભારતે ખાતરી આપી છે કે, અમેરિકાનો સાર્વભૌમ અધિકાર હોવા છતાં ભારત સરકાર ભારતીય નાગરિકોના હિતોની રક્ષા કરવાનું ચાલુ રાખશે.

---

# પાકિસ્તાનમાં 1817 હિંદુ મંદિરો અને 37 શિખ ગુરુદ્વારા જ ચાલુ સ્થિતિમાં

• નવી દિલ્હી

પાકિસ્તાનની ઓન માઈનોરિટી કોકસના તાજેતરના અહેવાલ અનુસાર લઘુમતિઓના ધાર્મિક સ્થળોમાં ભારે ઘટાડો થયો છે. પાકિસ્તાનમાં ૧૮૧૭ હિંદુ મંદિરો અને ૩૭ શિખ ગુરુદ્વારા જ ચાલુ સ્થિતિમાં છે. આ ચિંતાજનક આંકડા હિંદુઓની ઘટતી જતી સંખ્યા સરકારી ઉપેક્ષાને ચિહ્નિત કરે છે. કન્વીનર સેનેટર દાનેશકુમારે કોકસ માઈનોરિટી માટેની બંધારણીય ગેરંટીને સુરક્ષામાં બદલવા માટે કડકાઈથી કામ કરવા પર ભાર મુકયો હતો. જો કે આના માટે તાત્કાલિક પોલિસી સુધારણા કરવાની જરુરીયાત હોવાનું ઉમેર્યુ હતું.

ખાસ કરીને પાકિસ્તાનનો માઈનોરિટીસમુદાયકોન્સ્ટિટ્યૂશનલ અધિકારોને પ્રેક્ટિકલ તરીકાથી લાગુ કરવાને હકદાર છે. કમિટીના સદસ્યએ ઈવૈકયૂડ ટ્રસ્ટ પ્રોપર્ટી બોર્ડ ઈવેકયૂઈ ટ્રસ્ટ પ્રોપર્ટી કાર્ડની કડક ટીકા કરીને મંદિરો અને ગુરુદ્વારામાં યોગ્ય મેનેજમેન્ટ નહી કરવાનો આરોપ મુકયો હતો. એટલું જ નહી ઈટીપીબીની લીડરશીપ કોઈ ગેર મુસ્લિમ અધિકારીને આપવાની માંગ કરી હતી. માઈનોરિટી સમુદાયને પોતાની હેરિટેજ સાઈટની સીધી દેખરેખ કરવા દેવામાં આવશે ત્યારે જ રેસ્ટોરેશનની કોશિષો સાચી સાબીત થશે.

એમએનએ કેસૂખલ દાસે એ વાત પર ભાર મુકયો હતો કે ૧૯૪૭ના ભાગલા પછી અનેક માઈનોરિટી એ ધાર્મિક જગ્યાઓ છોડી દીધી હતી. અનેક હિંદુઓ અને શિખ ભારત જતા રહયા હતા. આ ધાર્મિક સ્થળો જર્જરિત હાલતમાં છે

---

તમામ રાજ્યોને થશે ફાયદો : નાણામંત્રી

# પાન-મસાલા પર નવો ઉપકર આરોગ્ય યોજના પાછળ ખર્ચાશે

• નવી દિલ્હી

કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણે ગુરુવારે લોકસભામાં સ્પષ્ટ કહ્યું છે કે, 'પ્રસ્તાવિત સ્વાસ્થ્ય અને રાષ્ટ્રીય સુરક્ષા સેસ વિધેયક- 2025 માત્ર પાન મસાલા જેવા હાનિકારક ઉત્પાદનો પર જ લગાવવામાં આવશે. લોટ કે દાળ જેવી આવશ્યક વસ્તુઓ પર આ ઉપકર લાગુ થશે નહીં. આ ઉપકરથી થનારી આવકનો એક ભાગ સ્વાસ્થ્ય જાગૃતિ અભિયાન અને અન્ય યોજનાઓ દ્વારા રાજ્યો સાથે વહેંચવામાં આવશે.'

નાણામંત્રીએ સંસદ સત્રના પ્રથમ દિવસે સોમવારે લોકસભામાં આ બે મહત્ત્વપૂર્ણ બિલ રજૂ કર્યા હતા. આ બંને બિલ હાલમાં તમાકુ અને પાન મસાલા પર લાગુ થતા 'જીએસટી ક્ષતિપૂર્તિ ઉપકર'નું સ્થાન લેશે, જેની સમયમર્યાદા માર્ચ 2026માં સમાપ્ત થઈ રહી છે. સરકાર મુજબ, આ નવા ઉપકરનો મુખ્ય ઉદ્દેશ્ય રાષ્ટ્રીય સુરક્ષા અને જાહેર આરોગ્ય સંબંધિત ખર્ચાઓ માટે વધારાના સંસાધનો એકત્ર કરવાનો છે.

આ નવા વિધેયક લાવવા પાછળનું મુખ્ય કારણ GST ક્ષતિપૂર્તિ ઉપકરની સમાપ્તિ છે. જુલાઈ 2017માં જ્યારે GST લાગુ કરવામાં આવ્યો, ત્યારે રાજ્યોને થતા રાજસ્વ નુકસાનની ભરપાઈ કરવા માટે 5 વર્ષ માટે ક્ષતિપૂર્તિ ઉપકરની વ્યવસ્થા કરવામાં આવી હતી. કોરોના મહામારીને કારણે આ ઉપકરની અવધિ 31 માર્ચ, 2026 સુધી લંબાવવામાં આવી હતી. હવે જ્યારે આ ઉપકર સમાપ્ત થવાની નજીક છે, ત્યારે તમાકુ અને પાન મસાલા પરનો ઊંચો ટેક્સ પણ સમાપ્ત થઈ જાત, જેનાથી આ વસ્તુઓ સસ્તી થઈ શકતી હતી. આથી, આ હાનિકારક વસ્તુઓ પર ટેક્સનો દર યથાવત રહે તે સુનિશ્ચિત કરવા માટે સરકાર આ બે નવા વિધેયક લાવી છે.

આ બિલ સોમવારે રજૂ થયા બાદ વિપક્ષે ભારે વિરોધ કર્યો હતો. તૃણમૂલ કોંગ્રેસના નેતા સૌગત રોયે આરોપ લગાવ્યો કે સરકાર માત્ર તમાકુ પર ટેક્સ વસૂલવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે અને તેનાથી થતા સ્વાસ્થ્યના નુકસાનના પાસાઓની અવગણના કરી રહી છે. જ્યારે, ડીએમકેના સાંસદ કથિર આનંદે કહ્યું કે સરકાર જનતા પર કરવેરાનો વધુ બોજ નાખવાનો પ્રયાસ કરી રહી છે.

---

# 'હું વડાપ્રધાનને સલામ કરું છું, તમે લોકો આવું કેમ કરતા નથી'

## લોકસભામાં બોલ્યા CM નીતિશ

• પટના

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે આજે (4 ડિસેમ્બર) રાજ્ય વિધાનસભામાં કેન્દ્ર સરકાર દ્વારા મળી રહેલા સહકાર બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જાહેરમાં પ્રશંસા કરી હતી. રાજ્યપાલના સંયુક્ત અભિભાષણ પરના આભાર પ્રસ્તાવ દરમિયાન તેમણે વિધાનસભાના સભ્યોને વડાપ્રધાન પ્રત્યે આભાર વ્યક્ત કરવા માટે હાથ ઊંચા કરવા અપીલ કરી હતી.

પોતાના 20 વર્ષના શાસનકાળમાં રાજ્યના વિકાસના પ્રયાસોની વાત કર્યા બાદ મુખ્યમંત્રીએ કહ્યું કે, 'રાજ્યના વિકાસ માટે અમને કેન્દ્ર સરકાર તરફથી પૂરેપૂરો સહયોગ મળી રહ્યો છે.' તેમણે કેન્દ્ર સરકાર દ્વારા જુલાઈ 2024 અને ફેબ્રુઆરી 2025ના બજેટમાં બિહારને અપાયેલા ખાસ નાણાકીય સહાયનો ઉલ્લેખ કર્યો હતો. આ સહાયમાં રસ્તાઓ, ઉદ્યોગ, સ્વાસ્થ્ય, પૂર નિયંત્રણ માટેના ભંડોળ ઉપરાંત મખાના બોર્ડ ની સ્થાપના, નવા એરપોર્ટ્સ અને પશ્ચિમ કોસી નહેર પરિયોજના માટેની મદદનો સમાવેશ થાય છે.

મુખ્યમંત્રી નીતિશ કુમારે અંતમાં કહ્યું, 'આ તમામ વસ્તુઓ માટે હું વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સલામ કરું છું. હું તમામ સભ્યોને વિનંતી કરું છું કે તેઓ પણ હાથ ઊંચા કરીને આવું કરે.' તેમણે આશા વ્યક્ત કરી કે, કેન્દ્રના સહકારથી હવે બિહારનો વિકાસ ઝડપથી આગળ વધશે અને અર્થતંત્ર મજબૂત થશે.

મુખ્યમંત્રીએ પોતાની બેઠક પર બેસતા પહેલા વિપક્ષના સભ્યોની તરફ ઈશારો કર્યો અને પૂછ્યું કે તેઓએ વડાપ્રધાનને ધન્યવાદ આપવા માટે હાથ કેમ ઊંચો ન કર્યો. તેમણે કટાક્ષમાં કહ્યું કે, 'તમે લોકો આવું કેમ કરતા નથી? બે-ત્રણ વાર હું આપ લોકો સાથે થઈ ગયો હતો, પરંતુ જ્યારે તમે શરારતો શરૂ કરી દીધી, તો હું અલગ થઈ ગયો. હવે હું એનડીએ છોડીને ક્યાંય જવાનો નથી.' નીતિશ કુમારની આ વાત પર વિધાનસભામાં જોરદાર હાસ્ય ફેલાયું હતું.

---

ઇન્ડોનેશિયા અને શ્રીલંકામાં લગભગ ૮૦૦ લોકો લાપતા છે

# ત્રણ એશિયન દેશોમાં માત્ર એક સપ્તાહમાં ભારે વરસાદથી ૧૪૦૦ લોકોના મોત

• નવી દિલ્હી



ઈન્ડોનેશિયા, શ્રીલંકા અને થાઈલેન્ડમાં છેલ્લા ૧ સપ્તાહમાં થયેલા મુશળધાર વરસાદમાં મુત્યુ પાંમનારા લોકોની સંખ્યા વધીને ૧૪૦૦ થઈ છે. પશ્ચિમી ઈન્ડોનેશિયાઈ ટાપુ સુમાત્રામાં વર્ષો પછી આવેલા પૂર અને ભૂસ્ખલનોના કારણે અત્યાર સુધી ૭૭૦ લોકો માર્યા ગયા છે જયારે ૪૬૩ હજુ ગૂમ છે.

અનેક સ્થાનિક પર્યાવરણ ગ્રુપોના જણાવ્યા અનુસાર પ્રાકૃતિક સંસાધનોના ખનન અને જંગલ કપાવાથી આ કટોકટીમાં યોગદાન આપ્યું છે આથી ઈન્ડોનેશિયા સરકારે આ મુદ્દા પર ધ્યાન આપવાની જરુર છે. ઈન્ડોનેશિયાના મંત્રી રાજા જુલી એન્ટનીનું કહેવું હતું કે સરકાર પોતાના પર્યાવરણ પ્રબંધન ઉપાયોની સમિક્ષા કરવામાં આવશે.

શ્રીલંકાની વાત કરીએ તો ચક્રવાતના પગલે ભારે વરસાદ થવાથી ૪૭૯ અને થાઈલેન્ડમાં કમસેકમ ૧૭૦ લોકોના મોત થયા છે. ઈન્ડોનેશિયા અને શ્રીલંકામાં લગભગ ૮૦૦ લોકો લાપતા છે. શ્રીલંકામાં પૂરગ્રસ્તોની કપરી સ્થિતિમાં ભારત મદદ કરીને માનવતાનો પરિચય આપ્યો છે.

---

# પાક.નાં પંજાબમાં ૨૦ વર્ષ પછી વસંત ઉત્સવમાં પતંગ પરનો પ્રતિબંધ હટાવાયો

## ૧૮ વર્ષથી ઓછી ઉંમરનાં બાળકોને પતંગ ઉડાવવાની મંજૂરી નહી

• લાહોર



કલાકારો અને સિવિલ સોસાયટીના દબાણ વચ્ચે પાકિસ્તાનનાં પંજાબ પ્રાંતમાં ૨૦ વર્ષ પછી વસંત ઉત્સવ દરમિયાન પતંગ ઉડાવવા પરનો પ્રતિબંધ હટાવી લેવામાં આવ્યો છે.

મરિયમ નવાઝના નેતૃત્વ હેઠળના વહીવટીતંત્ર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયને કારણે ૧.૩ કરોડની વસ્તી ધરાવતા પ્રાંતના શહેરો અને ગામડાઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

શિયાળાનાં અંતમાં વસંત ઋતુના આગમાનનાં સ્વાગત માટે ઉજવવામાં આવતો વસંત ઉત્સવ સમગ્ર પ્રાંતમાં સમુદાય ઉજવણીનો પ્રસંગ રહ્યો છે.

વસંત ઉત્સવ દરમિયાન પતંગ ઉડાવવા સદીઓથી ચાલતી આવતી પરંપરા હતી પણ લગભગ બે દાયકા અગાઉ તેના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. બુધવારે લેવામાં આવેલા નિર્ણયની જાહેરાત કરતા પંજાબના માહિતી અને સંસ્કૃતિ પ્રધાન આઝમા બોખારીએ જણાવ્યું હતું કે નવા નિયમોનું ભંગ કરનારાઓ માટે અનેક પ્રતિબંધો અને દંડ હશે. તેમણે જણાવ્યું હતું કે ૨૦ વર્ષ પછી પંજાબમાં વસંતનો આનંદ પરત ફર્યો છે. જો કે આ વખતે સલામતી માટે કડક નિયમો બનાવવામાં આવ્યા છે. તહેવાર દરમિયાન કોઈને પણ કાયદો તોડવાની મંજૂરી આપવામાં આવશે નહીં. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ૧૮ વર્ષની ઓછી ઉંમરના બાળકોને પતંગ ઉડાવવાની મંજૂરી આપવામાં આવશે નહીં.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# અમદાવાદમાં બોમ્બની ધમકીને પગલે એરપોર્ટ પર હૈદરાબાદની ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ

## પોલીસની ટીમ તાત્કાલિક એરપોર્ટ પહોંચી




• અમદાવાદ

મદીનાથી હૈદરાબાદ જઈ રહેલી એક ઈન્ટરનેશનલ ફ્લાઈટનું આજે અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર તાત્કાલિક ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું છે. ઈમેલ દ્વારા ફ્લાઈટમાં બોમ્બ હોવાની ધમકી મળતા જ એરપોર્ટ ઓથોરિટી અને સુરક્ષા એજન્સીઓ દોડતી થઈ ગઈ હતી. મળતી પ્રાથમિક માહિતી મુજબ મદીનાથી હૈદરાબાદ તરફ જઈ રહેલી ફ્લાઈટમાં બોમ્બ હોવાની ધમકીભર્યો ઈમેલ મળ્યો હતો. આ ગંભીર ધમકીને પગલે ફ્લાઈટને ડાયવર્ટ કરીને અમદાવાદ એરપોર્ટ પર સુરક્ષિત રીતે લેન્ડ કરાવવામાં આવી હતી. અચાનક થયેલા લેન્ડિંગ અને બોમ્બની વાત વહેતી થતા વિમાનમાં સવાર મુસાફરોમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. જોકે, એરપોર્ટ પર લેન્ડિંગ થતાની સાથે જ સુરક્ષા વ્યવસ્થા સઘન કરી દેવામાં આવી હતી. ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ, CISF, ડોગ સ્ક્વોડ અને બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડની ટીમો તાત્કાલિક એરપોર્ટ પર પહોંચી ગઈ હતી. હાલ મુસાફરો અને તેમના સામાનનું ઝીણવટભર્યું ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. આ ધમકી માત્ર અફવા છે કે ગંભીર કાવતરું તે અંગે તપાસ એજન્સીઓ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. ઝોન 4 ડીસીપી અતુલ બંસલે જણાવ્યું હતું કે પોલીસને જાણ થતા પોલીસની ટીમ એરપોર્ટ પહોંચી છે. અત્યારે તમામ મુસાફરોનું બોર્ડિંગ કરાવીને એરપોર્ટમાં લાવવામાં આવ્યા છે. હાલ ફ્લાઈટનું ચેકિંગ કરીને આગળની પ્રક્રિયા કરવામાં આવી રહી છે.

**નુકસાન** મધ્યમવર્ગીય પરિવારના ઇલેક્ટ્રિક વાહનને ભારે નુકસાન થયું

# અમદાવાદના સિંધુભવન રોડ પર કોમનવેલ્થનું વિશાળ હોર્ડિંગ્સ દંપતી પર એકાએક પડ્યું

## પતિ-પત્નીને હાથ-પગે ઇજા, મોપેડમાં પણ ભારે નુકસાન

• અમદાવાદ

અમદાવાદ શહેરના સિંધુભવન રોડ ઉપર કોમનવેલ્થ ગેમ્સની તૈયારીને લઈને લગાવવામાં આવેલા હોર્ડિંગસથી દુર્ઘટના બની છે. સિંધુ ભવન રોડ ઉપર લગાવવામાં આવેલું હોર્ડિંગ્સ રોડ પરથી પસાર થતાં મોપેડચાલક દંપતી પર પડતા તેમને ઈજા થઈ હતી. આ સાથે જ તેમના ઈલેક્ટ્રીક મોપેડને પણ નુકસાન થયું છે. આ અંગેની વિગત એવી છે કે, શહેરના થલતેજ વિસ્તારમાં રહેતા ચંદ્રેશભાઈ કુમાવત તેમના પત્ની મિતાલીબેન કુમાવત બોપલ ખાતે હોસ્પિટલથી પોતાના ઘરે જવા માટે સિંધુભવન રોડ ઉપરથી પસાર થઈ રહ્યા હતા. સિંધુભવન રોડ પર એસપી રિંગ રોડથી ટાઈમ સ્ક્વેર ચાર રસ્તા પહેલા કોમનવેલ્થ ગેમ્સને આવકારતું હોર્ડિંગ્સ લગાવવામાં આવેલું હતું, જે અચાનક જ આ દંપતી ઉપર પડ્યું હતું.

આ મામલે ભોગ બનનાર ચંદ્રેશભાઈએ જણાવ્યું હતું કે, અચાનક જ હોર્ડિંગ્સ અમારા ઉપર પડ્યું હતું, જેના કારણે હું અને મારા પત્ની બંને જણા નીચે પડી જતા બન્નેને ઈજા થઈ હતી. બંનેને હાથે અને પગે છોલાઈ ગયું છે. અમારા ઈલેક્ટ્રીક મોપેડમાં પણ નુકસાન થયું છે. આ હોર્ડિંગ્સ સ્પષ્ટ બેદરકારી છે. આ મામલે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં અમે ફરિયાદ કરીશું. આ ગંભીર બેદરકારી કોઈપણ વ્યક્તિના જીવને જોખમમાં મુકી શકે છે.

સિંધુભવન રોડ ઉપર શોપિંગ ફેસ્ટિવલ અને કોમનવેલ્થ ગેમ્સને આવકારતા હોર્ડિંગ્સ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા લગાવવામાં આવેલા છે, પરંતુ આ હોર્ડિંગ્સ નાગરિકો માટે જીવના જોખમ બન્યા છે. એક હોર્ડિંગ્સ દંપતિ ઉપર પડતા તેમને ઈજા થઈ છે, જ્યારે બીજું હોર્ડિંગ્સ પણ ભયજનક બની ગયું છે. ગંભીર બેદરકારીને લઈને હવે દંપતી દ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવશે.



72,000 કરોડનું ડ્રગ્સ કોણે મોકલ્યું અને કોણે મંગાવ્યું તે મુદ્દે મારી સાથે વન-ટુ-વન ડિબેટ કરો : મેવાણી

# અમદાવાદમાં NSUIની રેલીમાં નિયમોના ધજાગરા: કોંગ્રેસ નેતાઓ હેલ્મેટ વિના બાઈક પર દેખાયા

**ચોમેર ટીકા** અમદાવાદમાં યોજાયેલી 'સે નો ટુ ડ્રગ્સ' (Say No To Drugs) રેલી વિવાદનું કેન્દ્ર બની

• અમદાવાદ

ગુજરાતમાં વધતા જતા ડ્રગ્સના દૂષણ સામે અવાજ ઉઠાવવા માટે નેશનલ સ્ટુડન્ટ્સ યુનિયન ઓફ ઈન્ડિયા (NSUI) દ્વારા આજે અમદાવાદમાં યોજાયેલી 'સે નો ટુ ડ્રગ્સ' (Say No To Drugs) રેલી વિવાદનું કેન્દ્ર બની છે. એક તરફ યુવાનોને નશાથી દૂર રહેવાનો સંદેશ આપવાનો પ્રયાસ હતો, તો બીજી તરફ ખુદ જવાબદાર નેતાઓ જ ટ્રાફિકના નિયમોના લીરેલીરા ઉડાવતા જોવા મળ્યા હતા. આ રેલીમાં કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ, અમિત ચાવડા, ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, જીગ્નેશ મેવાણી અને પ્રગતિ આહીર જેવા ટોચના નેતાઓ જોડાયા હતા. જોકે, આશ્ચર્યજનક દ્રશ્યો ત્યારે સર્જાયા જ્યારે આ તમામ દિગ્ગજ નેતાઓ હેલ્મેટ પહેર્યા વિના જ



બાઈક પર સવાર થઈને નીકળ્યા હતા. જાહેર રોડ પર અંદાજિત 8 કિલોમીટર સુધી ફરેલી આ રેલી શહેરની વિવિધ જાણીતી કોલેજો પાસેથી પસાર થઈ હતી. ડ્રગ્સ મુક્ત ગુજરાતની વાત કરતા નેતાઓ પોતાની અને બીજાની સુરક્ષા માટે અનિવાર્ય એવા હેલ્મેટના નિયમનું પાલન કરવાનું ચૂકી ગયા હતા, જેની ટીકા થઈ રહી છે. રેલી દરમિયાન એક તરફ નિયમોનો ભંગ ચર્ચામાં રહ્યો, તો બીજી તરફ વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણીના આકરા તેવર જોવા મળ્યા હતા. મીડિયા સાથેની વાતચીતમાં તેમણે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીને સીધો પડકાર ફેંક્યો હતો. મેવાણીએ ચેલેન્જ આપતા કહ્યું હતું કે, 'તમારામાં તાકાત હોય તો પોલીસ ભવનના ગ્રાઉન્ડમાં આવી જાઓ. 72,000 કરોડનું ડ્રગ્સ કોણે મોકલ્યું અને કોણે મંગાવ્યું તે મુદ્દે મારી સાથે વન-ટુ-વન ડિબેટ કરો.' સરકાર પર પ્રહારો કરતા મેવાણીએ ગંભીર આક્ષેપો કર્યા હતા કે ગુજરાતના પવિત્ર યાત્રાધામો પણ નશાના કારોબારથી બાકાત નથી. દ્વારકા, સોમનાથ, અંબાજી, ખોડલધામ અને બહુચરાજી જેવા મંદિરોની બે-ત્રણ કિલોમીટરની ત્રિજ્યામાં વરલી મટકા, જુગાર અને દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા છે, જે અત્યંત શરમજનક બાબત છે. વધુમાં તેમણે દાવો કર્યો હતો કે એક રિપોર્ટ મુજબ ગુજરાતમાં 20 લાખ લોકો ડ્રગ્સના બંધાણી બની ચૂક્યા છે, છતાં સરકાર અને મુખ્યમંત્રી મૌન સેવી રહ્યા છે. ડ્રગ્સ માફિયાઓને 'ગુજરાત અને દેશના ગદ્દાર' ગણાવીને ચેતવણી આપી હતી કે આવા તત્ત્વોને છોડવામાં નહીં આવે.

# અમદાવાદમાં પાકિસ્તાની જાસૂસી નેટવર્ક અંગે ગુજરાત ATSએ કર્યા ખુલાસા

## બે જાસૂસોની કરતૂતો ઉઘાડી પાડી

• ગાંધીનગર

ગુજરાત એન્ટી-ટેરરિસ્ટ સ્ક્વોડ (ATS)એ ટેક્નિકલ અને ફાઈનાન્સિયલ ઈન્ટેલિજન્સના આધારે પાકિસ્તાન ઈન્ટેલિજન્સ એજન્સી (PIO) દ્વારા સંચાલિત એક મોટા દેશ વિરોધી જાસૂસી નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. આ ઓપરેશનમાં ગુજરાત ATSએ ગોવામાંથી એક નિવૃત્ત આર્મી સુબેદાર અજયકુમાર સુરેન્દ્રસિંહ અને દમણમાંથી એક મહિલા એજન્ટ રાશમની રવિન્દ્રપાલની ધરપકડ કરી છે. તપાસમાં સામે આવ્યું છે કે PIO હેન્ડલરો સોશિયલ મીડિયા પર ખોટી ઓળખનો ઉપયોગ કરીને ભારતીય સુરક્ષા દળોના જવાનોને ફસાવતા હતા. PIOએ અંકિતા શર્માના ખોટા નામ હેઠળ નિવૃત્ત આર્મી સુબેદાર અજયકુમાર સિંહ સાથે 2022માં તેમના દીમાપુર પોસ્ટીંગ દરમિયાન સંપર્ક કર્યો હતો. અજયકુમારે PIOને આર્મીના યુનિટ, પોસ્ટિંગ, મુવમેન્ટ, અધિકારીઓની બદલીઓ વગેરે જેવી સંવેદનશીલ માહિતી નાણાકીય લાભના બદલામાં શેર કરી હતી. PIOએ અજયકુમારના મોબાઈલમાં ટ્રોઝન માલવેર ફાઈલ પણ મોકલી હતી. આ માલવેર ઈન્સ્ટોલ થવાથી PIO હેન્ડલરો વોટ્સએપ વગર પણ તેના ડેટાનો સીધો એક્સેસ મેળવી શકે તેમ હતા. દમણ ખાતે રહેતી રાશમની રવિન્દ્ર પાલ આ નેટવર્કમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવતી હતી. તે પાકિસ્તાની હેન્ડલરો અબ્દુલ સત્તાર અને ખાલીદ માટે એક મહત્ત્વપૂર્ણ માધ્યમ તરીકે કામ કરતી હતી. નાણાકીય લાભના બદલામાં,



રાશમનીને 'પ્રિયા ઠાકુર' નામની ખોટી ઓળખ બનાવીને ભારતીય આર્મીના જવાનો સાથે મિત્રતા કરવા અને ગુપ્ત માહિતી મેળવવાની સૂચના આપવામાં આવી હતી. હેન્ડલરોએ રાશમનીને આર્મીની અમુક યુનિટ્સના યુદ્ધ અભ્યાસ અને મુવમેંટ અંગે ખાસ તપાસ કરવા જણાવ્યું હતું. તપાસમાં આરોપીઓના મોબાઈલમાંથી આંતરરાષ્ટ્રીય નંબરોથી વોટ્સએપ કોલ અને નાણાકીય વ્યવહારોની વિગતો મળી આવી છે. IP એડ્રેસની ચકાસણીમાં મોટો ઘટસ્ફોટ થયો છે કે આ જાસૂસી નેટવર્કના મુખ્ય હેન્ડલરો પાકિસ્તાનથી ઓપરેટ કરતા હતા (મુલ્તાન, સરગોધા અને લાહોર). ઉલ્લેખનીય છે કે, ગુજરાત એટીએસની ટીમે અન્ય રાજ્યની એજન્સીઓની મદદથી 3-12-2025ના રોજ આ બંને આરોપીઓ સામે કલમ 61 અને 148 મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કાવતરામાં સંડોવાયેલા અન્ય ઈસમો સામે પણ વધુ તપાસ ચાલુ છે.

# ખેડામાં જાહેર માર્ગો, ફૂટપાથ પરના દબાણો દૂર કરવા તંત્રની કવાયત

## ગુરૂવારની સાંજ સુધીમાં દબાણો દૂર કરવા તાકિદ કરાઈ હતી

નડિયાદ: ખેડા શહેરમાં લાંબા સમયથી માર્ગો અને ફૂટપાથ પર વધી રહેલા ગેરકાયદેસર દબાણોને કારણે વાહનવ્યવહાર તેમજ સામાન્ય નાગરિકોને પડી રહેલી હાલાકી અંગે જિલ્લા કલેક્ટરે ગંભીર નોંધ લીધી હતી અને સમસ્યાના નિરાકરણ માટે ગેરકાયદે દબાણોને દૂર કરવાનો આદેશ આપ્યો હતો. ગુરૂવારે તંત્ર દ્વારા શહેરના મુખ્ય બજારોમાં દબાણર્તાઓને મૌખિક રીતે દબાણો દૂર કરી લેવા તાકિદ કરી હતી અને શુક્રવારે તંત્ર કાર્યવાહી કરશે તે અંગે માહિતગાર કર્યા હતા.

ગુરૂવારે સઘન ચેકિંગ દરમિયાન ટીમો દ્વારા દબાણ કરનારા તમામ દુકાનદારો અને વેપારીઓને મૌખિક રૂપે દબાણો સ્વેચ્છાએ અને તાત્કાલિક દૂર કરી દેવા માટેની સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી. તંત્ર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી હતી કે, સાંજ સુધીમાં આ દબાણો દૂર કરવામાં નહીં આવે, તો શુક્રવાર, ૦૫ ડિસેમ્બરે ખેડા આરએન્ડબી વિભાગ



અને ખેડા નગરપાલિકાના કર્મચારીઓ દ્વારા જેસીબી મશીનરીની મદદથી આ તમામ ગેરકાયદે દબાણોને દૂર કરવામાં આવશે. દબાણ હટાવવાની કાર્યવાહીમાં પોલીસ વિભાગ દ્વારા પૂરતો બંદોબસ્ત પૂરો પાડવામાં આવશે, જેથી કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે. દબાણ હટાવવાની આ ઝુંબેશ દરમિયાન કોઈ વ્યક્તિ કે વેપારી તંત્રની કામગીરીમાં અવરોધ ઊભો કરશે, તેની સામે પોલીસ દ્વારા કાયદેસરના પગલાં લેવામાં આવશે. સમગ્ર શહેરમાં આ ડિમોલિશન ડ્રાઈવને લઈને દબાણ કરનારાઓમાં ફફડાટ ફેલાયો છે.

# થાન શહેરમાંથી રૂપિયા 1.86 લાખના દારૂ સાથે શખ્સ ઝડપાયો



• થાના


થાન શહેરી વિસ્તારમાંથી રૂ.૧.૮૬ લાખના ઈંગ્લિશ દારૂ-બિયર સહિતના મુદામાલ સાથે એક શખ્સને પોલીસે ઝડપી પાડયો છે. પોલીસે બે શખ્સ સામે પ્રોહીબીશન હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. થાન પોલીસે શહેરના મસાણના મેલડી માતાજીના ઓટા પાસેથી બાતમીના આધારે વિદેશી દારૂની ૫૩૭ બોટલ તથા બિયર ૧૪૪ ટીન સહિત રૂ.૧,૮૬,૭૮૦ના મુદામાલ સાથે અશ્વિનભાઈ ઉર્ફે અશોકભાઈ હમીરભાઈ રાઠોડ (રહે. આંબેડકરનગર,થાન)ને ઝડપી પાડયો હતો. ઝડપાયેલા આરોપીની પુછપરછમાં પ્રકાશભાઈ લાલજીભાઈ સોલંકી (રહે. થાન)ની પણ સંડોવણી બહાર આવી હતી. પોલીસે બંને શખ્સ વિરૂદ્ધ પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

ખેડાના સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી દેવુસિંહ ચૌહાણે કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતીન ગડકરી સાથે મુલાકાત કરી

# ડભાણ-ઉત્તરસંડા હેરિટેજ માર્ગના બ્યુટિફિકેશન અને નેશનલ હાઈવે 48 પર સર્વિસ રોડ-અંડરબ્રિજની રજૂઆત કરી

• સિધ્ધાંત મહંત, નડિયાદ, તા.04

ખેડાના સાંસદ દેવુસિંહ ચૌહાણે તાજેતરમાં કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતીન ગડકરી સાથે રૂબરૂ મુલાકાત કરી નડિયાદ વિસ્તારના મહત્વના માર્ગોના વિકાસ અને નવીન સુવિધાઓ ઉભી કરવા અંગે વિસ્તૃત રજૂઆતો કરી છે. નડિયાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાંથી પસાર થતા અને ડભાણ, યોગીનગર તેમજ ઉત્તરસંડાને સાંકળતા હેરિટેજ દાંડી માર્ગ (નેશનલ હાઈવે 228)ના રિસરફેસીંગ અને બ્યુટિફિકેશનની કામગીરી કરવા બાબતે સાંસદ દ્વારા ભાર મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત, ઉત્તરસંડા પાસે બુલેટ ટ્રેન સ્ટેશનનું નિર્માણ થઈ રહ્યું હોવાથી ભવિષ્યમાં ટ્રાફિકની વધનારી તીવ્રતા અને જરૂરિયાતોને ધ્યાને રાખીને, પીપલગ ચોકડીથી નરસંડા ચોકડી તરફ નેશનલ હાઈવે 48 પર સર્વિસ રોડ બનાવવાની માંગ કરાઈ છે. સાથે જ, વાહનવ્યવહારની સુગમતા માટે ભૂમેલ ચોકડી પર અંડરબ્રિજ બનાવવા અંગે પણ કેન્દ્રીય મંત્રીને રજૂઆત કરી હતી.





# ગાંધીનગર : ૧૦૦૦ આંગણવાડી અને તેડાગર બહેનોને નિમણૂકપત્રો એનાયત

### 10 હજારથી વધુ આંગણવાડી અને નંદઘર બનાવવાનું આયોજન




• ગાંધીનગર

રાજ્યમાં આગામી ત્રણ વર્ષમાં ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આંગણવાડી કાર્યકરોને નિમણૂકપત્ર એનાયત સમારોહ ભવ્ય રીતે યોજાયો, જેમાં રાજ્યની 9000થી વધુ આંગણવાડી અને તેડાગર બહેનોને રોજગારની નવી તક મળતા હર્ષોલ્લાસનો માહોલ સર્જાયો હતો. રાજ્યના ચાર મોટા શહેરોમાં એકસાથે નિમણૂકપત્ર વિતરણ થયું, જેમાં અમદાવાદમાં 3458, રાજકોટમાં 2330, સુરતમાં 1530 અને વડોદરામાં 1874 બહેનોને નિમણૂકપત્ર મળ્યા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ એ જણાવ્યું કે, 170 નવી આંગણવાડી કેન્દ્રોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ પણ કરવામાં આવ્યા. રાજ્યમાં હાલ 53 હજારથી વધુ આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે અને આ વર્ષે જ 1600 જેટલા કેન્દ્રોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યા છે. તેમણે વધુમાં જણાવ્યું કે આગામી ત્રણ વર્ષમાં 10 હજારથી વધારે નવા આંગણવાડી-નંદઘરોના બાંધકામનું આયોજન કરવામાં આવ્યું છે, જે બાળકોની પ્રાથમિક સંભાળ અને પોષણક્ષેત્રે મહત્વપૂર્ણ યોગદાન આપશે. બહેનોને પ્રેરણા આપતા મુખ્યમંત્રીએ કહ્યું,"શિક્ષણ અને પોષણ અમારી સરકારની પ્રાથમિકતા છે. પોષણ અભિયાનમાં આંગણવાડી બહેનોની ભૂમિકા ચાવીરૂપ છે. બાળમાનસના ઘડતરમાં આંગણવાડી બહેનો માતા યશોદા જેવી સેવા આપે છે." તેમણે ઉમેર્યું કે, "નરેન્દ્ર મોદીએ આંગણવાડી બહેનોનો ગૌરવ વધારવા 'માતા યશોદા' પુરસ્કારનો પ્રારંભ કર્યો છે." રાજ્યમાં બાળકોના સર્વાંગી વિકાસ, મહિલા સશક્તિકરણ અને પોષણ અભિયાનને વેગ આપવા સરકારના આ નિર્ણયોને મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

**DGCA આકરુ બન્યું**

### એરલાઇન્સ કંપનીઓને યોગ્ય તકેદારી લેવા જણાવ્યું

# અમદાવાદમાં હવાઈ સેવાઓ પ્રભાવિત, 23 ઈન્ડિગો ફ્લાઈટ રદ જ્યારે 53 ફ્લાઈટ મોડી પડી

### DGCAએ ઈન્ડિગો એરલાઈન્સ પાસેથી ખુલાસો માંગ્યો છે

• અમદાવાદ

અમદાવાદ એરપોર્ટ પર કુલ 23 ઈન્ડિગો ફ્લાઈટ રદ કરવામાં આવી છે, જ્યારે અન્ય 53 ફ્લાઈટો પોતાના નિર્ધારિત સમય કરતાં મોડી ચાલી રહી છે. આ રદ થયેલી ફ્લાઈટ્સમાં 12 આવનારી અને 11 જનારી ફ્લાઈટનો સમાવેશ થાય છે. ફ્લાઈટોની મોડાઈનો સમયગાળો ઓછામાં ઓછો 30 મિનિટ અને વધુમાં વધુ 3 કલાક સુધીનો જોવા મળી રહ્યો છે, અમદાવાદ એરપોર્ટ પર ઈન્ડિગો એરલાઈન્સની હવાઈ સેવાઓ છેલ્લા કેટલાક સમયથી ગંભીર રીતે પ્રભાવિત થઈ રહી છે, જેના પરિણામે હજારો મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ગઈકાલથી લઈને આજે સવારે 7 વાગ્યા સુધીમાં, અમદાવાદ એરપોર્ટ પર કુલ 23 ઈન્ડિગો ફ્લાઈટ રદ કરવામાં આવી છે, જ્યારે અન્ય 53 ફ્લાઈટો પોતાના નિર્ધારિત સમય કરતાં મોડી ચાલી રહી છે. આ રદ થયેલી ફ્લાઈટ્સમાં 12 આવનારી અને 11 જનારી ફ્લાઈટનો સમાવેશ થાય છે. ફ્લાઈટોની મોડાઈનો સમયગાળો ઓછામાં ઓછો 30




મિનિટ અને વધુમાં વધુ 3 કલાક સુધીનો જોવા મળી રહ્યો છે, જેના કારણે એરપોર્ટ પર મુસાફરોનો જમાવડો થયો છે અને તેમને લાંબા સમય સુધી રાહ જોવી પડી રહી છે. આ સમસ્યા માત્ર અમદાવાદ સુધી સીમિત નથી. દેશભરમાં ઈન્ડિગો એરલાઈન્સની હવાઈ સેવાઓ પ્રભાવિત થઈ છે. ડાયરેક્ટર જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA) દ્વારા પણ આ મામલે ગંભીર નોંધ લેવામાં આવી છે. DGCAને મળેલી માહિતી મુજબ, દેશભરમાં ઈન્ડિગોની 1232 થી વધુ ફ્લાઈટ રદ કરવામાં આવી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, DGCAએ ઈન્ડિગો એરલાઈન્સ પાસેથી ખુલાસો માંગ્યો છે અને તેમને પોતાના ઓપરેશન્સમાં સુધારો કરવા માટે સૂચના આપી છે. DGCAએ મુસાફરોને થઈ રહેલી મુશ્કેલીઓ પ્રત્યે દુઃખ પણ વ્યક્ત કર્યું છે અને એરલાઈન્સ કંપનીઓને યોગ્ય તકેદારી લેવા જણાવ્યું છે. ઈન્ડિગો એરલાઈન્સ દ્વારા જાહેર કરાયેલી પ્રેસનોટમાં અને તેમના ખુલાસામાં જણાવાયું છે કે ઓપરેશનલ કારણો, ટેકનિકલ ખામીઓ અને તાજેતરમાં થયેલા કેટલાક નિયમોમાં ફેરફાર જેવા વિવિધ કારણોસર આ સમસ્યાઓ ઉભી થઈ છે. એરલાઈન્સે સ્વીકાર્યું છે કે ફ્લાઈટ ઓપરેશનમાં તકલીફ પડી રહી છે અને તેઓએ 48 કલાકની અંદર તમામ ખામીઓ દૂર કરવાનો દિલાસો આપ્યો છે.

### ત્રણ જુગારીને 81 હજારથી વધુના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યાં

# છત્રાલ GIDCમાં એરંડાના ખેતરમાં ક્રાઈમ બ્રાન્ચ ત્રાટકી પ્લાસ્ટિકના કોઈન થકી જુગાર રમતા ત્રણને ઝડપ્યા

**કાર્યવાહી હાથ ધરાઈ**

### ત્રણેય જુગારીઓ વિરુધ જુગારધારા હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો

• ગાંધીનગર

ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચે કલોલ તાલુકા પોલીસ મથકની ગાઢ નિંદ્રાનો લાભ ઉઠાવી છત્રાલ જીઆઈડીસીમાં એરંડાના ખેતરમાં રેડ પાડી હતી. અહીં છેલ્લા કેટલાક દિવસોથી સઘળા આયોજનપૂર્વક પ્લાસ્ટિકના કોઈન મારફતે રમાતા જુગારધામનો પર્દાફાશ કરી મુખ્ય સૂત્રધાર સહિત ત્રણ જુગારીને 81 હજારથી વધુના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યાં હતાં. ગાંધીનગર જિલ્લાના સંવેદનશીલ ગણાતા કલોલ વિસ્તારમાં ફૂલી ફાલેલી દારૂ જુગાર તેમજ નારકોર્ટિસ પદાર્થોની પ્રવૃતિઓ સામે સ્થાનિક પોલીસ આંખ આડા કાન કરતી હોય તો ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાંચને અસરકારક કામગીરી કરવા જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટીએ સૂચનાઓ આપી છે. જે અન્વયે લોકલ ક્રાઈન બ્રાન્ચના પીઆઈ દિવાનસિંહ વાળાની ટીમ અત્રેના વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી. દરમ્યાન બાતમી મળો હતી કે, શુભાંગન બંગલો નંબર 27 માં રહેતો સંજય ગોવિંદભાઈ પ્રજાપતિએ છત્રાલ GIDCમાં મંગલમ કંપનીની પાછળ આવેલા એરંડાના ખેતરમાં ખુલ્લી જગ્યામાં બહારથી જુગારીઓ બોલાવીને પ્લાસ્ટિકના કોઈન મારફતે જુગારધામ ચલાવામાં આવી રહ્યું છે. આ બાતમીના આધારે એલસીબીની ટીમે દરોડો પાડતા મુખ્ય સૂત્રધાર સંજય પ્રજાપતિ, રતીલાલ પ્રહલાદદાસ પટેલ (રહે, ઉમિયા સોસાયટી, અયોધ્યા સોસાયટીની બાજુ, કડી, મહેસાણા) અને પ્રકાશ સુરેશભાઈ પટેલ (રહે.ધાનજ, કલોલ) જુગાર રમતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા. બાદમાં એલસીબીએ ત્રણેય જુગારીઓ પાસેથી રોકડ રકમ, ત્રણ મોબાઈલ ફોન, અલગ અલગ કલરના પ્લાસ્ટિક કોઈન તેમજ એક્ટિવા મળીને કુલ રૂ.81 હજારનો મુદ્દામાલ જપ્ત કરી કલોલ તાલુકા પોલીસ મથકમાં ત્રણેય જુગારીઓ વિરુધ જુગારધારા હેઠળ ગુનો દાખલ કરાવ્યો હતો.



# ગાંધીનગરમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં વીડિયો કોન્ફરન્સ દ્વારા યોજાઈ

### હોટલ-લારી-દુકાનોમાં ફૂડ ક્વોલિટી ચેકિંગ માટે દર અઠવાડિયે સરપ્રાઈઝ ડ્રાઈવ

• ગાંધીનગર

રાજ્યના યાત્રાધામો અને પ્રવાસન સ્થળોએ ખોરાકની ગુણવત્તા તથા સ્વચ્છતા સંબંધિત મુદ્દાઓ પર સરકાર હવે અત્યંત ગંભીર છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં આજે વીડિયો કોન્ફરન્સ દ્વારા યોજાયેલી મહત્વપૂર્ણ બેઠકમાં રાજ્યના તમામ જિલ્લા કલેક્ટર, મહાનગરપાલિકા કમિશનર અને દેવસ્થાનના વહીવટદારોને તાત્કાલિક પગલાં લેવા સૂચના આપવામાં આવી હતી. આ બેઠક દરમિયાન નાયબ મુખ્યમંત્રીએ સ્પષ્ટ આદેશ આપ્યો કે, આજે તા. 3 ડિસેમ્બરે સાંજે 4 વાગ્યે સમગ્ર રાજ્યમાં યાત્રાધામો અને પ્રવાસન સ્થળો આસપાસની હોટલો, લારીઓ અને દુકાનોમાં સરપ્રાઈઝ "Food Quality Checking Strike" ચલાવવામાં આવે. ખાદ્યપદાર્થોની ગુણવત્તામાં ખામી જણાય તેવા તમામ સંચાલકો સામે કડક કાર્યવાહી કરવા પણ સખત નિર્દેશ આપવામાં આવ્યા છે. ઉપરાંત, દર



અઠવાડિયે આવી Surprise Drive યોજવાનું પણ નક્કી કરવામાં આવ્યું. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે રાજ્યના નાગરિકો તથા યાત્રાળુઓને શુદ્ધ પાણી, સ્વચ્છ અને પૂરતી સંખ્યામાં પબ્લિક ટોયલેટ, દિવ્યાંગ અને વરિષ્ઠ નાગરિકો માટે વિશેષ સુવિધા અને સમગ્ર પરિવેશમાં સ્વચ્છતા-સુગંધિત વાતાવરણ મળી રહે તે માટે એક ખાસ Action Plan તૈયાર થશે. તેમણે યાત્રાધામોની રૂટ પર તથા સ્થળની આસપાસ સતત સફાઈની નિયંત્રણ સિસ્ટમ ગોઠવવા અને Double Verification ચેકિંગ મિકેનિઝમ લાગુ કરવાની પણ કડક સૂચના આપી. આ તમામ આયોજન માટે એક ખાસ SOP તૈયાર કરવાની પ્રક્રિયા શરૂ કરવાની અને તાકીદીને દર્શાવતા પગલાં લેવા આદેશ આપવામાં આવ્યો છે. રાજ્ય સરકારનું માનવું છે કે આ Surprise Food Quality Strike અભિયાન યાત્રાધામો અને પ્રવાસન સ્થળો પર મુલાકાત લેતા કરોડો યાત્રાળુઓ માટે વધુ સુરક્ષિત, સ્વચ્છ અને ગુણવત્તાયુક્ત અનુભવો ઉપલબ્ધ કરવા તરફનો મહત્વપૂર્ણ પગલું છે.

# મોબાઈલનો દુરુપયોગ કરતા માતા-પિતાએ તરૃણીને ઠપકો આપતા ઘર છોડયું

### અભયમે તરૃણીનું કાઉન્સેલિંગ કરતા માતા-પિતા સાથે ઘરે પરત ફરી

સુરેન્દ્રનગર - સુરેન્દ્રનગર શહેરમાં મોબાઈલનો દુરુપયોગ કરતા માતા-પિતાએ તરૃણીને ઠપકો આપતા ઘર છોડી જતી રહી હતી. અભયમે તરૃણીનું કાઉન્સેલિંગ કરતા માતા-પિતા સાથે સમાધાન કરાવી પરિવારનું પુનઃમિલન કરાવ્યું છે.

સુરેન્દ્રનગર શહેરી વિસ્તારમાં રહેતી તરુણી મોબાઈલ ફોનનો દુરુપયોગ કરી રહી હોવાની જાણ થતા માતા-પિતાએ ઠપકો આપી ફોન લઈ લીધો હતો, જે બાબતથી નારાજ થઈને તરુણી ઘરેથી ચાલી ગઈ હતી. તરુણી મળી આવતા માતા-પિતાએ ૧૮૧ પર મદદ માંગી હતી.

કાઉન્સેલર રિંકલ મેત્રા સહિતની ટીમે તરુણી અને તેના માતા-પિતાનું વિગતવાર કાઉન્સેલિંગ કર્યું. ટીમે તરુણીને કાયદાકીય પાસાઓ અને ભવિષ્ય વિશે સમજણ આપી. કાઉન્સેલિંગના અંતે તરુણીને પોતાની ભૂલ સમજાતા તેણે ભવિષ્યમાં



મોબાઈલ ફોનનો દુરુપયોગ નહીં કરવાની ખાતરી આપી અને માતા-પિતા સાથે ઘરે પાછા જવાની ઈચ્છા વ્યક્ત કરી. ૧૮૧ ટીમે તરુણીને રાજીખુશીથી માતા-પિતાને પરત સોંપી, જેનાથી માતા-પિતાએ આભાર વ્યક્ત કર્યો હતો.

# કલોલમાં લક્ષ્મી જ્વેલર્સમાં ધોળા દિવસે દંપત્તિએ ચોરી કરી : 70,000ની સોનાની વીટી લઈ ફરાર.

• ગાંધીનગર

ગાંધીનગર જીલ્લાના કલોલ શહેરના નવજીવન રોડ પર આવેલી લક્ષ્મી જ્વેલર્સમાં ધોળાદિવસે ચોરીનો બનાવ બન્યો છે. સોનાની વીંટી ખરીદવાના બહાને દુકાનમાં પ્રવેશેલા એક કપલે દુકાન માલિકની નજરચૂક કરી રૂ. 70,000ની કિંમતની સોનાની વીંટીની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. દુકાનના માલિક રમેશભાઈ સોનીએ જણાવ્યું કે તેઓ દુકાનમાં એકલા હાજર હતા ત્યારે એક કપલ સોનાની વીંટી ખરીદવા આવ્યું હતું. થોડા સમય બાદ અન્ય એક કપલ ચાંદીની પાયલ ખરીદવા માટે દુકાનમાં પ્રવેશ્યું હતું. આ સમયે વેપારીનું ધ્યાન ભટકાવવામાં આવ્યું હતું, જેનો લાભ લઈ પ્રથમ કપલે રૂ. 70,000ની કિંમતની સોનાની વીંટી ચોરી લીધી હતી. ચોરી કર્યા બાદ બંને કપલ દુકાનમાંથી રફુચક્કર થઈ ગયા હતા. વીંટી ગાયબ થતા વેપારીએ પોતાના સીસીટીવી કેમેરા તપાસ્યા હતા, જેમાં ચોરીની ઘટના સ્પષ્ટ દેખાઈ હતી. આ અંગે રમેશભાઈ સોનીએ કલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

### ગાંધીનગર-માણસા હાઈવે પર હિટ એન્ડ રન

# વતન જવા નીકળેલા દાહોદના યુવકને અધવચ્ચે કાળ ભરખી ગયો

ગાંધીનગર-માણસા હાઈવે પર વાસણ મહાદેવ નજીક અજાણ્યા વાહનચાલકે પોતાનું વાહન પૂરપાટ ઝડપે હંકારીને રાહદારી શ્રમિકને ટક્કર મારી નાસી ગયો હતો. આ અકસ્માતમાં ગંભીર ઈજાઓ થવાથી દાહોદના શ્રમિકનું ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું. આ મામવે પેથાપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ઝાલોદ તાલુકાના મહુડી ગામના રહેવાસી અને ફરિયાદી રતનભાઈ રૂપાભાઈ ગરાસીયાના નાના ભાઈ રાજુભાઈ ગરાસીયા અને તેમની પત્ની છેલ્લા પંદર દિવસથી વીરુભાઈ પરસોતમભાઈ ચાવડા સાથે વાસણ ગામે રોડના કામ માટે મજૂરી કરી રહ્યા હતા. ગત 2 ડિસેમ્બરના રોજ સવારે રાજુભાઈની પત્ની ખેતીકામ અર્થે



ગામડે જવા નીકળી ગયા હતા, પરંતુ રાજુભાઈ મજૂરીનો હિસાબ બાકી હોવાથી વાસણ ખાતે રોકાયા હતા. જોકે મજૂરીના પુરા હિસાબના પૈસા આપ્યા વિના શેઠના માણસ તેમને ભાડા પેટે 500 આપીને વાસણ બસ સ્ટેશન ખાતે મૂકી ગયો હતો. બાદમાં રાજુભાઈ ગાંધીનગર-માણસા હાઈવે પર વાસણ મહાદેવ નજીક રોડની સાઈડમાં ચાલી જઈ રહ્યા હતા. તે દરમિયાન કોઈ અજાણ્યા વાહનચાલકે પોતાનું વાહન પૂર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી રાજુભાઈને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતને કારણે રાજુભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ, જમણા કપાળ પર ઈજા અને બંને પગમાં ફ્રેક્ચર થયું હતું. અકસ્માતના પગલે ઘટનાસ્થળે લોકો ભેગા થઈ જતાં કોઈએ 108ને ફોન કર્યો હતો. બાદમાં 108 દ્વારા રાજુભાઈને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. બનાવની જાણ થતાં પોલીસ સિવિલ દોડી ગઈ હતી અને તપાસ કરતા મૃતકના ખિસ્સામાંથી ડાયરી મળી હતી, જેના આધારે દાહોદમાં રહેતા રતનભાઈને જાણ કરી હતી. જેના પગલે પરિવારજનો સિવિલ દોડી આવ્યા હતા. આ અંગે રતનભાઈની ફરિયાદના આધારે પેથાપુર પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# નવા ભવનના આગમન સાથે 100 વર્ષથી વધુ જૂની પ્રાથમિક શાળાનું થયું વિસર્જન

### ડભોઈના સાઠોદ ગામની ઐતિહાસિક શાળાની રેકોર્ડબ્રેક હરાજી



• _ફકીરા ખત્રી ડભોઈ

વડોદરા જિલ્લા શિક્ષણ જગત અને ગ્રામ્ય સ્તરે ઐતિહાસિક મહત્વ ધરાવતી એક ઘટનામાં, ડભોઈ તાલુકાના સાઠોદ ગામની 100 વર્ષથી પણ વધુ જૂની પ્રાથમિક શાળાની ઈમારતની જાહેર હરાજી કરવામાં આવી. ગામને નવું અને સુવિધાયુક્ત શાળા ભવન મળતા, જૂની ઈમારતને નિયમોનુસાર વેચી દેવાનો નિર્ણય લેવાયો હતો.આ હરાજી પ્રક્રિયામાં વેપારીઓએ જબરદસ્ત ઉત્સાહ બતાવ્યો હતો, જેણે સમગ્ર ગામમાં ચર્ચાનો વિષય બન્યો હતો.મોટી સંખ્યામાં વેપારીઓની હાજરી, 55 બોલીકર્તાઓએ લીધો ભાગ સાઠોદ ગામની આ જૂની શાળાની હ રાજીમાં મોટી સંખ્યામાં વેપારીઓ ઉ મટી પડ્યા હતા. ઈમારતની કિંમતનું આં ક લન કરવા આવેલા વેપારીઓ અ ને અન્ય લોકોની હાજરી નોંધનીય હ તી. કુલ 55 જેટલા વેપારીઓએ આ હ રાજીમાં ભાગ લીધો હતો, જેનાથી સ્પર્ધાનું સ્તર ખૂબ ઊંચું રહ્યું હતું. સરકાર દ્વારા શાળાના 14 ઓરડાઓની જૂની ઈમારત માટેની અનામત કિંમત (Base Price) 1,52,000 (એક લાખ બાવન હજાર રૂપિયા) નક્કી કરવામાં આવી હતી. અશરફ બોમ્બેએ સાત ગણી કિંમત ચૂકવી હરાજી હરાજી દરમિયાન વેપારીઓ વચ્ચે આકરો મુકાબલો થયો હતો. બોલી લગાવવાની શરૂઆત થતાં જ કિંમતમાં સતત ઉછાળો જોવા મળ્યો હતો, જે દર્શાવે છે કે સ્કૂલના માળખાના માલસામાનની બજારમાં સારી માંગ છે.આખરે, અશરફ બોમ્બે નામના વેપારીએ સૌથી મોટી બોલી લગાવીને હરાજી પોતાના નામે કરી હતી.વિગત રકમ સરકારી અનામત કિંમત 1,52,000 સૌથી વધુ બોલી (વિજેતા) 7,62,000 તફાવત (કુલ રકમ) 6,10,000 (આશરે 5 ગણી વધુ) અશરફ બોમ્બેએ સરકારી કિંમત કરતાં લગભગ પાંચ ગણી વધુ, એટલે કે 7,62,000 (સાત લાખ બાસઠ હજાર રૂપિયા)ની બોલી લગાવીને ઈમારત ખરીદી હતી.ગામજનોની લાગણી: નવી શાળા મળવાનો આનંદ છે, પરંતુ આ જૂની શાળાની ઈમારત સાથે ગામના અનેક વડીલો અને યુવાનોની બાળપણની યાદો જોડાયેલી હતી. આ ઈમારત માત્ર ઈંટો અને ચૂનાનો ઢગલો નહોતી, પણ અનેક પેઢીઓના શિક્ષણ અને સંસ્કારનું કેન્દ્ર હતી.

**કાર્યવાહી** 13 કિલો બિન આરોગ્યપ્રદ ખોરાકનો જથ્થો નાશ કરાયો

# આણંદ જિલ્લામાં યાત્રાધામ, પ્રવાસન સ્થળ પાસેથી ખાદ્ય પદાર્થના 17 નમૂના લેવાયા

### લાંભવેલમાં હનુમાનજી મંદિર પરિસરમાં લારી ગલ્લા પર ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગનું ચેકિંગ

આણંદ: આણંદ જિલ્લાના પીપળાવના આશાપુરી માતાજી મંદિર, લાંભવેલ હનુમાન મંદિર પરિસર અને બોચાસરના સ્વામિનારાયણ મંદિરની આસપાસની લારી ગલ્લા પર ખાદ્ય પદાર્થનું ચેકિંગ કરવામાં આવ્યું છે. જેમાં ૧૩ કિલો બિન આરોગ્યપ્રદ ખોરાકનો નાશ કરાયો છે અને ખાદ્ય પદાર્થના ૧૭ નમૂના લેવામાં આવ્યા છે અને ૧૩ કિલો બિન આરોગ્યપ્રદ ખોરાકનો નાશ કરવામાં આવ્યો છે.

આણંદ જિલ્લાના યાત્રાધામ અને પ્રવાસન સ્થળો પર ખાદ્ય પદાર્થોના ટેસ્ટિંગ કરવા બાબતે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. પીપળાવ પાસેના આશાપુરા માતાજીના મંદિર પરિસરની આસપાસ ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતા લારી ગલ્લાઓની તપાસ કરવામાં આવી હતી અને આ ઉપરાંત યોગ્ય સાફ સફાઈ રાખે, ગ્લોજ પહેરી, કેપ પહેરી અને ફૂડ અને સેફટીના કાયદાનું પાલન અંગે જાણ કારી આપી હતી.

ફૂડ સેફટી ઓફિસરો દ્વારા પ્રમુખ સ્વામી મહારાજ પાપડીનો લોટ અને ખીચું, દેરાણી



જેઠાણી પાપડીનો લોટ, જય ખોડીયાર પાણીપુરીઅને ભેળ, સત કેવલ પાણીપુરી, દરબાર ટી સેન્ટર, જય આશાપુરી પાપડીનો લોટ. જલારામ પાપડીનો લોટ, જય મહાકાલી નાસ્તા હાઈટ, પટેલ ગોટા હાઉસ અને જે.કે. નાસ્તા હાઉસ ખાતે તપાસ કરવામાં આવી હતી. જેમાં ખાદ્ય પદાર્થના ૬ નમૂના લેવામાં આવ્યા છે.

લાંભવેલ હનુમાનજીના મંદિરની આજુબાજુ સાત લારી ગલ્લા દુકાનનોની તપાસ કરીને ૪ નમૂના મેળવામાં આવ્યા છે. બોચાસણની સ્વામિનારાયણ મંદિરની આજુબાજુમાં આવેલા લારી પાનના ગલ્લા, બેકરી મળીને ૧૦ પેઢીમાં તપાસ કરવામાં આવી હતી અને જેમાંથી ૭ નમૂના લેવામાં આવ્યા છે. જયારે પાઉનો એક પેકેટનો જથ્થો બિન આરોગ્યપ્રદ જણાઈ આવતા સ્થળ પર નાશ કરવામાં આવ્યો છે.

પાણીપુરીનો માવો અને પાણીપુરીનું પાણી ૧૪ કિલો બિન આરોગ્યપ્રદ જણાતા નાશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત

પાણીપુરીનો માવો અને પાણીપુરી નું પાણી ૧૩ કિલો જેટલો બિન આરોગ્યપ્રદ જણા હતા તેનું નાશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત જહા બનાવવાના સાધનોની યોગ્ય સફાઈ રાખવા જણાવવામાં આવ્યું હતું અને નાસ્તા હાઉસ ખાતે જરૂરિયાત પૂરતો તાજો નાસ્તો બનાવીને પીરસવા માટે સૂચવ્યું હતું.

ફૂડ સેફટી ઓફિસર દ્વારા નમુનાઓ પૃથ્થકરણ અર્થે સરકારી ખાદ્ય પ્રયોગશાળા ખાતે મોકલવામાં આવેલ છે. જેનો અહેવાલ આવ્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

### એસ.ઓ.જી. પોલીસની બાતમીના આધારે સફળ રેઈડ

# મહિયારી ગામે કબ્જા ભોગવટા ના મકાનના ફળીયામાંથી ૫ કિલો વજનના ગાંજાના છોડનું વાવેતર પકડાયું

**કાર્યવાહી** મહીયારી ગામના ઇસમની રૂ.૨,૫૦,૦૦૦ ના મુદ્દામાલ સાથે ધરપકડ.



• વિરમભાઈ કે.આગઠ

એસ.ઓ.જી. પોરબંદરની ટીમે મહિયારી ગામે જીન પ્લોટ વિસ્તારમાં આવેલી રહેણાંક મિલ્કતમાં ગેરકાયદેસર રીતે વાવેલા ૫ કિલો વજન ધરાવતા અંદાજિત કી.રૂ.૨.૫૦,૦૦૦ હજારના ગાંજાના મોટા છોડનો પર્દાફાશ કરી એસ.ઓ.જી. પોલીસે આરોપીની ધરપકડ કરી છે. જુનાગઢ રેન્જના પોલીસ મહા નિરીક્ષક નિલેશ જાજડીયા તથા પોરબંદર જિલ્લાના પોલીસ અધિક્ષક ભગીરથસિંહ યુ.જાડેજા નાઓ દ્વારા નશીલા પદાર્થોનું વાવેતર કરનાર, પીવાની અને વેચનારાઓ તથા માદા પદાર્થોનુ સેવન કરનાર તત્વોની પ્રવૃતી સદંતર બંધ કરવા ડાયદેસરની કાર્યવાહી કરવા સુચના કરેલ.

જે અનુસંધાને એસ.ઓ.જી. પોલીસ ઈન્સપેક્ટર વાય.જી. માથુડીયા તથા પી.ડી.જાદવ દ્વારા આવા ઈસમો અંગે બાતમી મેળવવા સુચના કરવામા આવેલ.

જે અન્વયે એસ.ઓ.જી સ્ટાફના માણસો આ બાબતે કાર્યરત હોય દરમ્યાન એસ.ઓ.જી. સ્ટાફના પો.હેડ.કોન્સ્ટેબલ ભરતસિંહ કાળુભા ગોહીલ તથા પોલીસ કોન્સ્ટેબલ અરજનભાઈ ઓડેદરાને સંયુક્ત મળેલી હકીકતના આધારે તાત્કાલિક રેઈડ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. મળેલી માહિતી અનુસાર કુતિયાણાના મહિયારી ગામના જીન પ્લોટ વિસ્તારમાં રહેતા રામભાઈ સુકાભાઈ પરમાર (ઉ.વ.૪૮)એ પોતાના કબજા ભોગવટા ના મકાનના ફળીયામાં ગેરકાયદે રીતે માદક પદાર્થ ગાંજાનું વાવેતર કરેલ છે તથા હાલ લીલા ગાંજાનો મોટો છોડ ઉભો છે તેવી ચોક્કસ બાતમી મળી હતી.

ત્યારબાદ હકીકત વાળી જગ્યાએ જવા એસ. ઓ.જી પોરબંદર પોલીસ દ્વારા એન.ડી.પી.એસ. એક્ટની કલમ 42(2) મુજબની કાર્યવાહી કર્યા બાદ મામલતદાર કચેરી પરથી સરકારી પંચો ફાળવી લેવામાં આવ્યા. અને પંચો નિકુલ ભાઈ લાખાભાઈ સાંગા તથા આલાભાઈ સરમણભાઈ ગરચર સહિત ની ટીમ સાથે એસ.ઓ.જી. ની રેઈડ મહિયારી ગામે પહોંચેલી. મહિયારી ગામે બાતમી વાળા મકાનની તપાસ દરમિયાન કરંજના ઝાડ પાસે બળદગાડા નજીક ઉભેલો અલગ પ્રકારનો મોટો લીલો છોડ નજરે પડ્યો. જેની જડતી લઈ એફ.એસ.એલ. અધિકારી અંકિતનારીયાના રૂબરૂ નાર્કોટિક ટેસ્ટિંગ કીટ દ્વારા તપાસ કરતાં પદાર્થમાં કેનેબીસના સક્રિય ઘટકો હાજર હોવાનું પુરવાર થયું.જડતી દરમિયાન મળેલા ૮ ફૂટ ૫ ઈંચ લંબાઈ અને ૫ કિલો વજનના ગાંજાના છોડની અંદાજિત કિંમતઃ રૂ. ૨,૫૦,૦૦૦ ના માદક પદાર્થના વાવેતર અંગે કોઈ જાતનો પરમીટ કે કાગળ ન હોવાને કારણે આરોપી રામભાઈ સુકાભાઈ પરમાર ઉ.વ. ૪૮, રહે જીન પ્લોટ વિસ્તાર, તળાવની પાળ પાસે , મહિયારી વાળાને સ્થળે જ ધોરણસર અટક કરવામાં આવ્યો હતો.તેના વિરુદ્ધ કુતિયાણા પોલીસ સ્ટેશનમાં N.D.P.S. એકટ ૧૯૮૫ ની કલમ ૮(સી). ૨૦(૨)(બી) મુજબનો ગુન્હો રજીસ્ટર કરાવેલ છે. આ રેઈડ કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓમાં પોલીસ ઈન્સપેક્ટર વાય. જી. માથુડીયા તથા પોલીસ ઈન્સપેક્ટર પી. ડી. જાદવ, તથા એ.એસ.આઈ. મહેબુબખાન બેલીમ, દિપકભાઈ ડાડી, રવિન્દ્ર ચાંઉ ,પો.હેડ.કોન્સ. ભરતસિંહ ગોહીલ, મોહિતભાઈ ગોરાણીયા, હરદાસભાઈ ગરચર , ભીમાભાઈ ઓડેદરા, પો.કોન્સ. અરજનભાઈ ઓડેદરા દિલીપ ભાઈ મોઢવાડીયા, સરમણ ખુંટી,ચંદ્રસિંહ જાડેજા તથા ગીરીશભાઈ વાજા સહિતનો સ્ટાફ સામેલ રહ્યો હતો.

### કુકાવાવ તાલુકાના કોલેશ્વર ધામ કોલડા ગામ ખાતે

# માગસર સુદ પૂનમના દિવસે સંત શ્રી કોલવા ભગતના મંદિરે ભવ્ય ધજા મહોત્સવ ઉજવાયો



• પ્રકાશ વઘાસીયા કુકાવાવ....

કુકાવાવ તાલુકાના કોલેશ્વર ધામ કોલડા ગામ ખાતે માગસર સુદ પૂનમના દિવસે સંત શ્રી કોલવા ભગતના મંદિરે ભવ્ય ધજા મહોત્સવ ઉજવાયો.કોલડા ગામ ખાતે સંત શિરોમણી શ્રી કોલવા ભગતના મંદિરે બાવન ગજની ધજા ચડાવવામાં આવી હતી....

બાવન ગજની ધજાના યજમાન ચિરાગભાઈ વજુભાઈ કિકાણી દ્વારા બાવન ગજની ધજા ચડાવવામાં આવી હતી....

વિકાસભાઈ બાલુભાઈ કીકાણી ના નિવાસ્થાનેથી બાવન ગજની ધજા ની પૂજન વિધિ કરીને આખા કોલડા ગામમાં શોભાયાત્રા કાઢવામાં આવી હતી....

આ શોભાયાત્રામાં બહોળી સંખ્યામાં ભાવીભક્તો હોશભેર જોડાયા હતા. ત્યારબાદ બાવન ગજની ધજા સંત શ્રી કોલવા ભગતના મંદિરે ચડાવવામાં આવી હતી.રાજાધિરાજ જગતગુરુ દ્વારકાધીશ પ્રભુએ દેવળ ફેરવીને દર્શન દીધા એવા મહાન સંત શ્રી કોલવા ભગતના મંદિરે કોલવા યુવક મંડળ કોલડા ટ્રસ્ટ દ્વારા દર પૂનમે બાવન ગજની ધજા ચડાવવામાં આવે છે.....

અને નાના બાળકોને બટુક ભોજન કરાવવામાં આવે છે ધર્મ પ્રેમી ભાવિ ભક્તો તેમજ શ્રદ્ધાળુ દર પુનમ ભરવા તેમજ અખંડ જ્યોતના દર્શન કરવા દૂર દૂરથી આવે છે.

# ઢાલગરવાડ થી માણેકચોક જતા ચાર રસ્તા ઉપર આડેધડ પાર્કિંગ



• અમદાવાદ

ઢાલગરવાડ થી માણેકચોક જતા ચાર રસ્તા ઉપર આડેધડ પાર્કિંગ, અનાધિકૃત ફૂટપાથ, રોડ ઉપર દબાણ તેમજ રીક્ષાઓ ઉભી રહેતા આ વિસ્તારના રહેવાસીઓ, મુલાકાતીઓ, રાહદારીઓ, વાહન ચાલકો,ધાર્મિક સ્થાને દર્શન કરવા આવતા દર્શનાર્થીઓને ટ્રાફિક, વિવિધ સમસ્યાઓ ના કારણે ખુબ હેરાનગતિ અનુભવવી પડતી હોય છે.

# દરિયાપુર લુણસાવાડ વિસ્તારમાં દિશાસૂચક બોર્ડ તૂટી જતાં દયનિય સ્થિતિમાં



• અમદાવાદ

દરિયાપુર લુણસાવાડ વિસ્તારમાં કોર્પોરેટર બજેટમાંથી લગાવેલ દિશાસૂચક બોર્ડ તૂટી જાય પછી આવી દયનિય અવસ્થામાં આવે ત્યાં કચરો ભેગો થાય AMC મુદ્દાની ગંભીરતા ધ્યાને લઈ પ્રજાના ટેક્સના AMC બજેટના પૈસાનો વેડફાટ ના થાય એ હેતુઓથી સત્વરે કાર્યવાહી કરે એવી સ્થાનિક પ્રજા, જાગૃત નાગરિકો ની માંગ છે.

### ડુંગરા, સિટી, રૂરલ અને ભીલાડ પો.સ્ટે.ના આર્મ્સ એક્ટ, ચોરી અને લૂંટના ગુનામાં વોન્ટેડ દુર્ગેશ ઉર્ફે દેવો યાદવની ધરપકડ

# વલસાડ SOG એ ૪ પોલીસ સ્ટેશનના ૬ ગુનામાં ૧ વર્ષથી ફરાર આરોપીને મુંબઈના મલાડ ખાતેથી ઝડપી પાડ્યો

• વલસાડ

વ લસાડ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (S.O.G.) ટીમે બાતમીના આધારે કાર્યવાહી કરીને વલસાડ જિલ્લાના ચાર અલગ-અલગ પોલીસ સ્ટેશનોના કુલ છ ગંભીર ગુનાઓમાં છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા વોન્ટેડ આરોપીને મહારાષ્ટ્રના મલાડ ખાતેથી ઝડપી પાડી છે.

પકડાયેલ આરોપીનું નામ દુર્ગેશ ઉર્ફે દેવો બ્રીજભાન યાદવ (ઉ.વ. ૨૪) છે. આ આરોપી ડુંગરા પોલીસ સ્ટેશન, વલસાડ સિટીપોલીસસ્ટેશન,વલસાડ રૂરલપોલીસસ્ટેશનઅનેભીલાડ પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલા આર્મ્સ એક્ટ, ચોરી અને લૂંટના કુલ ૦૬ ગુનાઓમાં છેલ્લા એક વર્ષથી પોલીસ પકડથી દૂર હતો.

SOG ને મળેલી ચોક્કસ બાતમીના આધારે આરોપી દુર્ગેશ યાદવને મુંબઈના મલાડ (વેસ્ટ) વિસ્તાર, મહારાષ્ટ્ર ખાતેથી ઝડપી પાડવામાં આવ્યો હતો. આરોપી હાલ મલાડ ખાતે રહેતો હતો અને મૂળ ઉત્તર પ્રદેશનો વતની છે.

વ લસાડ SOG એ પકડાયેલા આરોપીને આગળની કાયદેસર ની કાર્યવાહી અર્થે ડુંગરા પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવેલ છે.



# જંબુસરમાં પોલીસકર્મી સામે ACB એ લાંચનો ગુનો નોંધ્યો

## અરજદારને હેરાન ન કરવા ★75,000ની માંગણી કરી હતી

• સૈફ અલી ભટ્ટી વાગરા ભરૂચ



ભરૂચ એન્ટી કરપ્શન બ્યુરો (ACB)એ જંબુસર પોલીસ સ્ટેશનના વર્ગ-3ના સશસ્ત્ર પોલીસકર્મી નારણ ફતુભાઈ વસાવા સામે 75,000ની લાંચ માંગણીનો ગુનો નોંધ્યો છે. અરજદારને એક તપાસ પ્રકરણમાં હેરાન ન કરવા બદલ આ લાંચની માંગણી કરવામાં આવી હતી. ACB પોસ્ટે ભરૂચના પોલીસ ઈન્સ્પેક્ટર એમ.જે. શિંદે દ્વારા આ મામલે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

વિગતો અનુસાર, નારણ વસાવા અરજદાર વિરુદ્ધ થયેલી અરજીની તપાસ કરી રહ્યા હતા. આ તપાસમાં કાર્યવાહી ન કરવા અને અટકાયતી પગલાંમાં રાહત આપવા માટે આરોપીએ પ્રથમ 70,000 અને પછી પતાવટ પેટે 5,000 એમ કુલ 75,000ની લાંચ માંગી હતી. ફરિયાદ મુજબ, લાંચની માંગણી જંબુસરની "ભાટીયા મોબાઈલ" દુકાન નજીક અને મામલતદાર કચેરીના કમ્પાઉન્ડમાં કરવામાં આવી હતી. આ ઘટના આરોપી દ્વારા ગેરકાયદેસર લાભ મેળવવાના ઈરાદાથી કરવામાં આવેલી ગેરવર્તણૂક દર્શાવે છે. આ મામલે વડોદરા શહેર ACBના પોલીસ ઈન્સ્પેક્ટર એ.જે. ચૌહાણ તપાસ કરી રહ્યા છે. સમગ્ર કાર્યવાહી ઈન્ચાર્જ મદદનીશ નિયામક આર.આર. ચૌધરી (ACB, સુરત એકમ)ના સુપરવિઝન હેઠળ ચાલી રહી છે.

# વાગરાના ગલેન્ડા ગામે માટીચોરીનું કૌભાંડ, 1.15 કરોડના વાહનો જપ્ત

વાગરા તાલુકાના ગલેન્ડા ગામે ભૂસ્તર વિભાગની ટીમે ગેરકાયદે માટીખનન પર દરોડો પાડયો હતો. ગલેન્ડા ગામમાં માટી ચોરી તથા માટીનું વહન કરવામાં આવી રહયું હોવાની માહિતી મળતાં કાર્યવાહી કરવામાં આવી હતી ટીમના દરોડા દરમિયાન સ્થળ પર 3 ડમ્પરો તેમજ એક એસકેવટર મશીન મળી કુલ 1.15 કરોડના વાહનો મળી આવ્યાં હતાં. ટીમે તમામ વાહનો મશીનરીની કસ્ટડી દહેજ પોલીસને સોંપી હતી. જીપીએસના આધારે માપણી કરી અત્યાર સુધી કેટલી માટીનું ખોદકામ કર્યું તેની વિગતો મેળવવામાં આવી રહી છે.ઘટના સ્થળે કરેલાં પંચકયાસમાં તે સ્થળ પર રાજૂ પટેલ નામના એક શખ્સ દ્વારા ગેરકાયદે રીતે માટી ચોરી કરવામાં આવી રહ્યું છે. માપણી પ્રક્રિયાના રિપોર્ટના આધારે તેમને દંડ ફટકારવામાં આવશે. ભરૂચ જિલ્લામાં નવી કંપનીઓ તથા નવા વિકાસ કામો માટે માટીની માગમાં વધારો થયો હોવાથી ભૂમાફિયાઓ સક્રિય બન્યાં છે. સરકારી જમીનો પર બેફામ રીતે માટી ખોદી તેને વેચીને ભૂમાફિયાઓ કરોડો રૂપિયાની કમાણી કરી રહયાં છે

**સંકલ્પ** વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારતના સંકલ્પનાને સાકાર કરવા

# તમામ દેશવાસીઓની સભાગીદારીતા અત્યંત જરૂરી છે - કેન્દ્રીય માર્ગ પરિવહન રાજ્યમંત્રી હર્ષ મલ્હોત્રા

## સરદાર@150 : ભદામ ગામે રાષ્ટ્રીય યુનિટી માર્ચનું ભવ્ય સ્વાગત

• દીપક જગતાપ, રાજપીપલા





પ્રચંડ જનમેદની સાથે કરમસદથી કેવડિયા સુધીની 150 કિમીની વિશાળકાય રાષ્ટ્રીય એકતા પદયાત્રા નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના ભદામ ગામે પહોંચતા યોજાયેલા ગ્રામસભામાં પાણી પુરવઠા રાજ્યમંત્રી ઈશ્વર પટેલ, શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજા અને કૃષિ રાજ્યમંત્રી રમેશભાઈ કટારાની ઉપસ્થિતિમાં કેન્દ્રીય માર્ગ પરિવહન રાજ્યમંત્રી હર્ષ મલ્હોત્રાએ સંબોધન ગ્રામજનોને સંબોધન કર્યું હતું રાજ્યમંત્રી હર્ષ મલ્હોત્રાએ કરતા જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના પ્રેરણાદાયી નેતૃત્વ હેઠળ અખંડ ભારતના પ્રણેતા સરદાર સાહેબને સમર્પિત આ રાષ્ટ્રીય યુનિટી માર્ચમાં સહભાગી થવાનો અવસર તેમના માટે સૌભાગ્યની વાત છે. ગ્રામસભાનાપ્રારંભેમહાનુભાવોએભદામગામે ૧૯૭૨ માં સ્વાતંત્રતા સેનાનીઓ દ્વારા નિર્મિત તે સમયની સરદાર સાહેબની સૌથી વિરાટ પ્રતિમાનાચરણોમાંપુષ્પાર્પણ કરીને ભાવવંદના કરી હતી. આ તકે, ગામના વરિષ્ઠ નાગરિકો, સ્વાતંત્રતા સેનાનીઓના પરિવારજનોને પ્રશસ્તિપત્ર આપીને સન્માનિત કર્યુ હતુ. સાંસદ મનસુખભાઈ વસાવા. સહીત કાર્યક્રમમાં ઉપસ્થિત દેશભરના પદયાત્રિકો, એનસીસી-એનએસએસના કેડેટ્સ, માય ભારતના સ્વયંસેવકો, વિદ્યાર્થીઓ, સ્થાનિક રહીશોને રાષ્ટ્રીય પદયાત્રામાં જોડાયાં હતા

**અંકલેશ્વર પોલીસનો મરઘા ફાર્મ પર દરોડો**

# ૬.૨૯ લાખના IMFL જથ્થા સાથે ઈક્કો ગાડી અને ૨ આરોપી ઝડપાયા

**કુલ ૮૪૦ નંગ દારૂ કબજે** આંબોલી ગામના મેગજીન વગામાં દારૂનો જથ્થો ઉતરતો હતો

• અંકલેશ્વર



અંકલેશ્વર શહેર 'એ' ડિવિઝન પોલીસને મળેલી બાતમીના આધારે કાર્યવાહી કરીને આંબોલી ગામના મેગજીન વગા વિસ્તારમાં આવેલા એક મરઘા ફાર્મવાળા ખેતરમાંથી વિદેશી દારૂનો વિપુલ જથ્થો ઝડપી પાડ્યો છે.

પોલીસને બાતમી મળી હતી કે ખેતર માં વિદેશી દારૂનો જથ્થો ઉતરી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે દરોડો પાડતાં સ્થળ પર ઉભેલી ઈક્કો ગાડી પાસે હાજર બે ઈસમો પોલીસને જોઈ ભાગવા લાગ્યા હતા, જોકે પોલીસે તેમને કોર્ડન કરી પકડી પાડ્યા હતા.

પોલીસે સ્થળ પરથી ભારતીય બનાવટના વિદેશી દારૂ (IMFL) ની નાની-મોટી બોટલ તથા બિયર ટી ન મળી કુલ ૮૪૦ નંગ દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો, જેની કિંમત ૪,૦૪,૧૬૦/- થાય છે. જપ્ત કરાયેલા દારૂના જથ્થામાં સિગ્રામ્સ, આર્કોનિક્સ, ઓલ્ડ મંક અને કિંગફિશર જેવી વિવિધ બ્રાન્ડ્સનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, દારૂની હેરાફેરીમાં વપરાયેલી મારુતિ ઈક્કો કાર (GJ-16-AY-0601) અને ૦૩ મોબાઈલ ફોન સહિત કુલ ૬,૨૯,૧૬૦/- નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

પોલીસે ભરૂચના રહેવાસી કૈલાષ ઉર્ફે લાલો જહાભાઇ વસાવા અને યુવરાજ ફતેસિંહ બારૈયાની ધરપકડ કરી છે. જ્યારે આ ગુનામાં સંડોવાયેલા આંબોલીના અરવિંદ ઉર્ફે અચીન વસાવા અને પાંજરોલી ગામની સંધ્યાબેન પટેલને વોન્ટેડ જાહેર કરાયા છે.

પકડાયેલા આરોપીઓ અને વોન્ટેડ આરોપીઓ વિરુદ્ધ અંકલેશ્વર શહેર 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે ગુજરાત પ્રોહીબિશન એમેન્ડેડ એક્ટની કલમ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.



**ફીક નિયમનાં ભંગ બદલ કેસ કે દંડ નહી કરવાના બહાના હેઠળ**

# રૂા.૫૦|-ની લાંચ લેવાના ગુનામાં આરોપી ને૩(ત્રણ) વર્ષની સખ્ત કેદની સજા

• દીપક જગતાપ, રાજપીપલા

ટ્રાફીક નિયમનાં ભંગ બદલ કેસ કે દંડ નહીં કરવાના બહાના હેઠળ એન્ટ્રી ફી ના માત્ર રૂા.૫૦|-ની લાંચ લેવાના ગુનામાં આરોપી ને૩(ત્રણ) વર્ષની સખ્ત કેદની સજાનર્મદા જીલ્લાના પ્રિન્સી. ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટે ફટકરતાં 50 રૂ ની લાંચ આરોપી ને ભારે પડી ગઈ હતીઆરોપી કંચનભાઈ રૂપજીભાઈ વસાવા રહે.વડીયા ચોથુ ફળીયુંતા.નાંદોદ, નોકરી- જીલ્લા હોમગાર્ડઝ નર્મદા, રાજપીપળા નાઓને ભ્રષ્ટાચાર નિવારણ અધીનીયમ,૧૯૮૮ કલમ- ૭,૧૩(૧)(ઘ),૧૩(૨) મુજબના શિક્ષાપાત્ર ગુનાના કામે અદાલતનીઈન્સાફી કાર્યવાહીમાં સરકારી વકીલ જીતેન્દ્રસિંહ જે. ગોહીલની ધારદાર દલીલો અદાલતેગ્રાહ્ય રાખી નામદાર પ્રિન્સી. સેસન્સ જજ આર.ટી. પંચાલ સાહેબે આરોપીને લાંચ-રૂશ્વત લેવાકરવાના ગુના સબબ તકસીરવાન ઠેરવી આરોપીને ભ્રષ્ટાચાર નિવારણ અધીનીયમ,૧૯૮૮ કલમ-૭મુજબના શિક્ષાને પાત્ર ગુનાના તહોમત સબબ બી.એન.એસ.એસ. કલમ-૨૫૮(૨) અન્વયેતકસીરવાન ઠારવીને ૩(ત્રણ) વર્ષની સખ્ત કેદની સજા અને રૂ.૨,૫૦૦/- નો દંડ અને જો દંડ નાભરે તો વધુ ૧(એક) માસની સાદી કેદની સજા તથા ભ્રષ્ટાચાર નિવારણ અધીનીયમ,૧૯૮૮ કલમ-૧૩(૧)(ઘ) સાથે કલમ-૧૩(૨) મુજબના શિક્ષાને પાત્ર ગુનાના તહોમત સબબ બી.એન.એસ.એસ.કલમ-૨૫૮(૨) અન્વયે તકસીરવાન ઠારવીને ૪(ચાર) વર્ષની સખ્ત કેદની સજા અને રૂ.૫,૦૦૦|-નો દંડ અને જો દંડ ના ભરે તો વધુ ૨(બે) માસની સાદી કેદની સજાનો હુકમ ફરમાવેલ છે.આ કેસમાં રાજુભાઈ ભોળાભાઈ રામાણી રહે.,સરથાના જકાતનાકા સુરત ટ્રકો મારફતે બોડેલીઓરસંગ નદીમાંથી રેતી ભરી સુરત ખાતે લઈ જવાના કાર્ટીંગનો ધંધો કરતા હોય, તેઓની ટ્રકો રેતીભરી નર્મદા તથા ભરૂચ જીલ્લામાંથી પસાર થતી હોય ત્યારે રોડ પર ફરજ બજાવતા ટ્રાફીકના પોલીસકર્મચારીઓ,હોમગાર્ડ/ જી.આર.ડી. તથા તેઓના વચેટીયાઓ થકી આવા ભારવાહનો રોકી વાહનચાલક પાસેથી ટ્રાફીક નિયમનાં ભંગ બદલ કેસ કે દંડ નહીં કરવાના બહાના હેઠળ એન્ટ્રી ફી નારૂા. ૫૦|- થી લઈ રૂા.૧૦૦/- સુધીની લાંચની રકમ માંગી પકડેલ છે. અને કોઈ પણ જાતનીકાયદેસરની કાર્યવાહી કર્યા વગર વાહનો જવા દે છે તેવી રજુઆત કરેલી. જેથી પો.ઈન્સ. બારોટે વોઈસ રેકોર્ડરનો ઉપયોગકરી લાંચના છટકાંનું આયોજન કરતાં આક્ષેપિત કંચનભાઈ રૂપજીભાઈ વસાવા હોમગાર્ડ સાથે લાંચનીલેતી દેતી સબંધે હેતુલક્ષી વાતચીત કરી લાંચની રકમ રૂા.૫૦/- ની માંગણી કરી, સ્વીકારી, લાંચનાડીકોય છટકા દરમ્યાન પકડાઈ ગયા હતા

# અંકલેશ્વરની ડેક ઈન્ડિયામાં ૬.૫૧ લાખની મશીનરી ચોરી: ગાર્ડ સહિત ૪ આરોપીઓ ઝડપાયા

• અંકલેશ્વર

અંકલેશ્વર જી.આઈ.ડી.સી.માં આવેલી ડેક ઈન્ડિયા કંપનીમાંથી ૬.૫૧ લાખના મશીનરીના સા માનની ચોરીના મામલે જી.આઈ.ડી.સી. પો લીસે મુખ્ય આરોપી સિક્યુરિટી ગાર્ડ સહિત કુ લ ચાર આરોપીઓની ધરપકડ કરી છે.

ગત ૧૧મી સપ્ટેમ્બરના રોજ ફાર્મા મશીનરી બ ના વતી ડેક ઈન્ડિયા કંપનીના મટીરિયલ્સ યુ નિટ માં ચોરીનો બનાવ બન્યો હતો. રાત્રી ગાર્ડ ત રીકે ફરજ બજાવતા માર્કન્ડેય અવધેશ મોર્યાએ અન્ય ત્રણ ઈસમો સાથે મળીને પ્રોડક્શન એરિયાનું શટર લોક ખોલી ૬.૫૧ લાખનો મશીનરીનો સામાન ચોરી કરી હતી.

પોલીસે આ અંગે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી અને અગાઉ સિક્યુરિટી ગાર્ડ માર્કન્ડેય મોર્યા ની ધરપકડ કરી હતી. ત્યારબાદ, વધુ તપાસના આધારે પોલીસે ચોરીમાં સંડોવાયેલા અન્ય ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે.



ઝડપાયેલા અન્ય ત્રણ આરોપીઓમાં સુરતના ભેસ્તાન વિસ્તારના ગજાનન ઉર્ફે ગજા શાલિગ્રામ મુલાંડે, શ્રીકૃષ્ણ સુનીલ મુલાંડે અને અશોક દામુ દેવકર નો સમાવેશ થાય છે. પોલીસે તમામ આરોપી ઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# એકલવ્ય મોડેલ રેસીડેન્સી સ્કુલ કવાંટની મુલાકાત લેતા કલેક્ટરશ્રી ગાર્ગી જૈન

• અંજુમ ખત્રી છોટાઉદેપુર

છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાની એકલવ્ય મોડેલ રેસીડેન્સી સ્કુલની જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા મુલાકાત લેવામાં આવી હતી.આ મુલાકાત દરમિયાન કલેક્ટરશ્રીએ વિદ્યાર્થીઓને મળીને તેમની સાથે સંવાદ કર્યો હતો. એકલવ્ય મોડેલ રેસીડેન્સી સ્કુલ વિદ્યાર્થીઓને મળતી સુવિધાઓનું કલેક્ટરશ્રીએ નિરિક્ષણ કર્યું હતું. વિદ્યાર્થીઓને આપવામાં આવતા ભોજનની ગુણવત્તા, રસોઈ વ્યવસ્થા, સ્વચ્છતા અંગે રસોઈયા અને સહાયક સ્ટાફ જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને પીરસવામાં આવતા ભોજનના સ્વાદ પરીક્ષણ પણ કલેક્ટરશ્રીએ જાતે કર્યું. વિદ્યાર્થીઓને મળતી સુવિધાઓ વિશે તેમના અભિપ્રાયો મેળવતા હતા. કલેક્ટરશ્રીએ સંચાલકોને વિદ્યાર્થીઓના પૌષ્ટિક આહાર, સ્વચ્છતા અને નિયમિતતા અંગે વિશેષ ધ્યાન રાખવામાં સૂચનો કર્યા હતા.

**પાલેજ પોલીસનું સરાહનિય કાર્ય**

# પાલેજ પોલીસે ૪ મહિનાથી ગુમ મધ્યપ્રદેશની માનસિક અસ્વસ્થ મહિલાને શોધી પરિવારને સોંપી

• પાલેજ



પાલેજ પોલીસ સ્ટેશનની ટીમે છેલ્લા ચાર મહિનાથી ગુમ થયેલ અને માનસિક રીતે અસ્વસ્થ મહિલાને શોધી કાઢી તેના પરિવાર સાથે સુખદ મિલન કરાવ્યું છે.

પાલેજ પો.સ્ટે. વિસ્તારમાંથી મળી આવેલ મહિલાની પૂછપરછ અને તપા સના આધારે જાણવા મળ્યું કે તેણીનું નામ ગાયત્રીકુમારી રામહેત પરિહાર (ઉ.વ. ૧૯) છે અને તે જ સવંતપુર, તા. સેવળા, જિ. દિ તિ યા (મધ્યપ્રદેશ) ની રહેવા સી છે . મહિલા માનસિક રીતે અ સ્વસ્થ હોવાથી, પોલીસ માટે તે ના પરિવારની શોધ કરવી એક પ ડકારરૂપ કાર્ય હતું.


પાલેજ પોલીસે બાતમીના આધારે તપાસ કરતાં મધ્યપ્રદેશના દિતિયા જિલ્લાના થરેટ પોલીસ સ્ટેશનમાં સ દર મહિલાના ગુમ થવા અંગેની જાણવા જોગ ફરિયાદ દા ખ લ થયેલ હોવાનું જાણવા મળ્યું હતું. આ જાણકારી મળતા જ, પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી.

તાત્કાલિક પગલાં લેતાં, પાલેજ પોલીસ ટીમે મધ્યપ્રદેશમાં મહિલાના પરિવારજનોનો સંપર્ક કર્યો અને તેમને પાલેજ બોલાવ્યા. આખરે, છેલ્લા ચાર મહિનાથી ગુમ થયેલ ગાયત્રીકુમારીનું તેના પરિવાર સા થે સુખદ મિલન કરાવવામાં આવ્યું હતું.

#### કોટનના વાયદામાં રૂ.130ની તેજીઃ

# સોનાના વાયદામાં રૂ.642 અને ચાંદીના વાયદામાં રૂ.2704ની નરમાઈ

### ક્રૂડ તેલનો વાયદો રૂ.18 લપસ્યોઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.34076.3 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.84233.1 કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 25885.15 કરોડનાં કામકાજઃ બુલિયન ઇન્ડેક્સ બુલડેક્સ વાયદો 31070 પોઇન્ટના સ્તરે




મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.118315. કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.34076.3 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.84233.1 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ડિસેમ્બર વાયદો 31070 પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.1730.96 કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.25885.15 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો 10 ગ્રામદીઠ રૂ.130799ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.130799 અને નીચામાં રૂ.129454ના મથાળે અથડાઈ, રૂ.130462ના આગલા બંધ સામે રૂ.642 ઘટી રૂ.129820ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ડિસેમ્બર વાયદો 8 ગ્રામદીઠ રૂ.325 ઘટી રૂ.104080ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ ડિસેમ્બર વાયદો 1 ગ્રામદીઠ રૂ.39 ઘટી રૂ.13043ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ડિસેમ્બર વાયદો 10 ગ્રામદીઠ રૂ.507 ઘટી રૂ.127467ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન ડિસેમ્બર વાયદો 10 ગ્રામદીઠ રૂ.129283ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.129648 અને નીચામાં રૂ.128642ના મથાળે અથડાઈ, રૂ.129575ના આગલા બંધ સામે રૂ.594 ઘટી રૂ.128981ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.182621ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.182887 અને નીચામાં રૂ.177289ના મથાળે અથડાઈ, રૂ.182352ના આગલા બંધ સામે રૂ.2704 ઘટી રૂ.179648 થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.2625 ઘટી રૂ.180363ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.2717 ઘટી રૂ.180308ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. 3976.11 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ડિસેમ્બર વાયદો રૂ.4.45 ઘટી રૂ.1072.1ના ભાવે બોલાયો હતો. જસત ડિસેમ્બર વાયદો રૂ.2 ઘટી રૂ.307ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ડિસેમ્બર વાયદો રૂ.1.5 ઘટી રૂ.276.75ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ડિસેમ્બર વાયદો 45 પૈસા ઘટી રૂ.182.45ના સ્તરે પહોંચ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. 4227.33 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ડિસેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.4177ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.4289 અને નીચામાં રૂ.4175ના સ્તરને સ્પર્શી, રૂ.32 વધી રૂ.4206 થયો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો બેરલદીઠ રૂ.5370ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.5372 અને નીચામાં રૂ.5331ના મથાળે અથડાઈ, રૂ.5356ના આગલા બંધ સામે રૂ.18 ઘટી રૂ.5338ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની ડિસેમ્બર વાયદો રૂ.18 ઘટી રૂ.5338 થયો હતો. નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.1.4 ઘટી રૂ.448.6ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ-મિની ડિસેમ્બર વાયદો રૂ.1 ઘટી રૂ.449ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.892.3ના ભાવે ખૂલી, 80 પૈસા વધી રૂ.904ના સ્તરે પહોંચ્યો હતો. કોટન ડિસેમ્બર વાયદો રૂ.130 વધી રૂ.25150ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.2692ના ભાવે ખૂલી, રૂ.1 વધી રૂ.2701ના સ્તરે પહોંચ્યો હતો.

# છોટાઉદેપુર નગરમાં ખાણીપીણી ની લારીઓ ઉપર ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ અને નગર પાલિકા ની ટીમો ત્રાટકી.

### છોટાઉદેપુર નગરમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગનો દરોડો

• અંજુમ ખત્રી છોટાઉદેપુર



છોટાઉદેપુર નગરમાં હાલ કમળાના કેસ વધી રહ્યા છે જેની સાથે અન્ય બીમારીઓ પણ માથું ઊંચકી રહી છે જેને અટકાવવા તંત્ર હરકતમાં આવી ગયું છે. જેના ભાગરૂપે આજરોજ છોટાઉદેપુર નગર પાલિકા વિસ્તારમાં ફૂડ એન્ડ ડ્રગ્સ ડિપાર્ટમેન્ટ ની ટીમ દ્વારા નગર પાલિકા અધિકારી સહિતના કર્મચારીઓ ચેકીંગ માટે ઉતરી પડ્યા હતા. જેમાં નગરમાં ચોપાટી ઉપર ઊભી રહેલી પાણીપુરીની લારીઓ, ફાસ્ટ ફૂડ, ચાઈનીઝ સહિત નાસ્તા હાઉસ જેવા અન્ય સ્થળોએ સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. છોટાઉદેપુરના સ્થાનિક હેલ્થ વિભાગ દ્વારા પાલિકાને મળેલ સૂચના મુજબ કે કમળાના કેસ વધી રહ્યા છે જે અંગે હેલ્થ ડિપાર્ટમેન્ટ એ સૂચન કર્યું હતું. જે અંગે નગર પાલિકા એ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગનો સંપર્ક કરી નગર ની અંદર સઘન તપાસ હાથ ધરી હતી. છોટાઉદેપુર નગરમાં છેલ્લા બે દિવસથી ફૂડ એન્ડ ડ્રગ્સ અને નગર પાલિકા દ્વારા આકસ્મિક તપાસ કરવામાં આવી રહી છે.

જેમાં 10 જેટલી જગ્યાઓ ઉપર ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છેકે નગરમાં આવેલી પાણીપુરીની લારીઓ ઉપર તમામ બાફેલા બટાકા બગડેલા જોવા મળ્યા હતા. અને અન્ય ફાસ્ટફૂડ અને ચાઈનીઝની લારીઓ ઉપર પણ ગેરરીતિ જોવા મળી હતી.

# માર્ગ અને મકાન વિભાગ સ્ટેટ અને પંચાયતના બ્રિજોનું નિરીક્ષણ કરતા જિલ્લા કલેકટરશ્રી

### કામગીરીની વર્તમાન સ્થિતિ, પૂર્ણતાની સમયમર્યાદા અને બાકીના કામ અંગે વિગતવાર માહિતી મેળવતા - ગાર્ગી જૈન

• અંજુમ ખત્રી છોટાઉદેપુર



જિલ્લા કલેકટરશ્રી ગાર્ગી જૈન દ્વારા છોટાઉદેપુર જિલ્લાના માર્ગ અને મકાન વિભાગ સ્ટેટ અને પંચાયત હસ્તકના બ્રિજોના મરામત અને નવનિર્મિત થઈ રહેલા બ્રિજોની મુલાકાત લઈ અધિકારીશ્રીઓ સાથે કામગીરીની સમીક્ષા કરી હતી. છોટાઉદેપુર જિલ્લાના માર્ગ અને મકાન વિભાગ સ્ટેટના કવાંટ તાલુકાના કરા બ્રિજના રિપેરિંગ કામ, જેતપુરપાવી તાલુકાના ઝાબ ગામે નવનિર્મિત થઈ રહેલા બ્રિજ અને છોટાઉદેપુર તાલુકાના ડુંગરવાંટ ગામે માર્ગ અને મકાન વિભાગ જિલ્લા પંચાયતના રીપેરીંગ થઈ રહેલા બ્રિજની મુલાકાત લીધી હતી. અધિકારીશ્રીઓ કલેકટરશ્રીને કામગીરીની વર્તમાન સ્થિતિ, પૂર્ણતાની સમયમર્યાદા અને બાકીના કામ અંગે વિગતવાર માહિતી આપી હતી. આ મુલાકાત દરમિયાન કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે, બ્રિજનું કામ જિલ્લાના વિકાસની દૃષ્ટિએ અત્યંત મહત્વપૂર્ણ છે.

જિલ્લાના નાગરિકોને સુવિધાજનક અને સુરક્ષિત પરિવહન વ્યવસ્થા આપવા આ કામોને પ્રાથમિકતા આપી તેની ગુણવત્તા તેમજ સલામતીના ધોરણોનું પાલન કરવા અને સમયમર્યાદામાં કાર્ય પૂર્ણ કરવા તેઓએ સૂચન કર્યું હતા. જિલ્લા કલેકટરશ્રીની મુલાકાત દરમિયાન માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ)ના કાર્યપાલક ઈજનેરશ્રી નેહલબેન નાયક અને માર્ગ અને મકાન વિભાગ (જિલ્લા પંચાયત)ના કાર્યપાલક ઈજનેરશ્રી ગૌરવભાઈ ચૌધરી, કવાંટ મામલતદાર ઉપસ્થિત રહ્યા હતા.

# ન્યાયમાં વિલંબ નહીંઃ ૬ વર્ષની માસૂમ બાળકીના દુષ્કર્મી અને હત્યારાને વલસાડ કોર્ટે ફાંસીની સજા ફટકારી

### વલસાડ પોલીસે ૧૯ દિવસમાં ચાર્જશીટ રજૂ કરી, FSL પુરાવા અને સ્પેશ્યલ વકીલની ધારદાર દલીલોના આધારે ભોગ બનનાર પરિવારને ઝડપી ન્યાય અપાવ્યો; ૧૭ લાખનું વળતર ચૂકવવા આદેશ



વલસાડ, વલસાડ જિલ્લાની ડુંગરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગત વર્ષે નોંધાયેલા ૬ વર્ષની બાળકીના અપહરણ, બળાત્કાર અને હત્યાના ઘૃણાસ્પદ કેસમાં વલસાડની સ્પેશ્યલ પોક્સો કોર્ટે આરોપીને ફાંસીની સજાનો ઐતિહાસિક ચુકાદો આપી પીડિત પરિવારને ઝડપી ન્યાય અપાવ્યો છે.

તા. ૨૩/૧૦/૨૦૨૩ ના રોજ આઝાદ નગર વિસ્તારમાંથી ૬ વર્ષની બાળકી ગુમ થયાની જાણ થતાં ડુંગરા પોલીસે IPC હેઠળ ગુનો નોંધી LCB, SOG, અને અન્ય પોલીસ ટીમોની રચના કરી શોધખોળ શરૂ કરી હતી. તપાસ દરમિયાન બાળકીનો મૃતદેહ જંગલી ઘાસવાળી અવાવરુ જગ્યા પરથી મળી આવ્યો હતો. ફોરેન્સિક PM રિપોર્ટમાં બાળકી સાથે દુષ્કર્મ અને હત્યા (ગળે ટૂંપો અને માથામાં જીવલેણ ઈજા) થયાનું ફલિત થતાં ગુનામાં પોક્સો એક્ટ સહિતની કલમોનો ઉમેરો કરવામાં આવ્યો હતો.

વલસાડ પોલીસે આરોપીને તા. ૨૫/૧૦/૨૦૨૩ ના રોજ ઝડપી પાડ્યા બાદ, આ કેસમાં કડક સજા અપાવવા માટે અત્યંત ઝડપી અને વૈજ્ઞાનિક તપાસ હાથ ધરી હતી. FSL અધિકારીની હાજરીમાં રિકન્સ્ટ્રક્શન પંચનામું, DNA એનાલિસિસ, CCTV, ફેસ રીકોગ્નાઈઝેશન અને ગેઈટ એનાલિસિસ જેવા વૈજ્ઞાનિક પુરાવા એકત્રિત કરવામાં આવ્યા હતા.

સમગ્ર કેસમાં માત્ર ૧૯ દિવસમાં ૭૦ સાહેદોના નિવેદન અને ૭૦૦ પાનાની ચાર્જશીટ નામદાર કોર્ટમાં રજૂ કરવામાં આવી હતી. સરકાર તરફે સ્પેશ્યલ પબ્લિક પ્રોસિક્યુટર (મુખ્ય સરકારી વકીલ) નયન સુખડવાળાએ કેસની ધારદાર દલીલો કરી હતી. નામદાર સ્પેશ્યલ સેશન્સ કોર્ટે તમામ પુરાવા અને દલીલોના આધારે આરોપીને ફાંસીની સજા અને ભોગ બનનારના પરિવારને રૂપિયા ૧૭ લાખનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો છે.

## રાશીફળ (તા.05-12-2025)

**મેષ:** આજનો દિવસ તમારા માટે ખાસ રહેશે. તમારા જીવનમાં ખુશીઓ રહેશે અને તમે આગળ વધી શકો છો. તમે તમારા વ્યવસાયમાં કેટલાક નવા લોકોને સામેલ કરશો.

**વૃષભ (બ.વ.ઉ):** આજનો દિવસ તમારા માટે આળસ છોડીને વધવાનો રહેશે. તમારે કોઈપણ કાર્યના નિયમો પર સંપૂર્ણ ધ્યાન આપવું પડશે. તમારા માટે થોડી ધીરજ રાખીને કાર્ય કરવું વધુ સારું રહેશે.

**મિથુન:** આજનો દિવસ તમારી કલા અને કૌશલ્યમાં સુધારો લાવશે. આજે ઘરમાં સુખ અને સમૃદ્ધિ વધશે. ભાવનાત્મક બાબતો વધુ સારી રહેશે.

**કર્ક:** આજે, તમારા મનમાં પરસ્પર સહયોગની ભાવના રહેશે. બીજાના મામલામાં બિનજરૂરી રીતે દખલ ન કરો. તમે તમારા જીવનધોરણમાં સુધારો લાવશો.

**સિંહ:** આજનો દિવસ તમારા માટે સારો રહેવાનો છે. તમે ભાઈચારાને પ્રોત્સાહન આપશો. તમને કોઈ પૂર્વજોની મિલકત વારસામાં મળી શકે છે.

**કન્યા:** આજનો દિવસ તમારા માટે આનંદદાયક રહેશે. પરિવારમાં ચાલી રહેલી સમસ્યાઓનું નિરાકરણ આવશે અને બધા સભ્યો વ્યસ્ત રહેશે.

**તુલા:** આજનો દિવસ તમને કેટલાક નવા સંપર્કોથી લાભ અપાવશે. તમે કેટલાક મહત્વપૂર્ણ લોકો સાથે મુલાકાત કરશો.

**વૃશ્ચિક:** પૈસા સંબંધિત બાબતોમાં આજનો દિવસ તમારા માટે સારો રહેવાનો છે. કોઈપણ કામ કરવામાં ઉતાવળ ન કરો.

**ધન:** આજનો દિવસ તમારા માટે ખૂબ જ સારો રહેવાનો છે. તમારી કોઈપણ ઈચ્છા પૂર્ણ થઈ શકે છે. તમારી કલા અને કૌશલ્યમાં સુધારો થશે.

**મકર:** આજનો દિવસ તમારા માટે એક મોટું લક્ષ્ય જાળવી રાખવાનો રહેશે. તમે તમારા કરિયરને લઈને કોઈ મોટો નિર્ણય લઈ શકો છો.

**કુંભ:** નાણાકીય દ્રષ્ટિએ આજનો દિવસ તમારા માટે સારો રહેવાનો છે. તમને ઈચ્છિત નફો મળશે તેથી તમે ખૂબ ખુશ રહેશો.

**મીન:** આજનો દિવસ તમારા માટે મિશ્ર રહેશે. તમારા પર કામનો બોજ ઘણો રહેશે. ઉતાવળમાં કોઈપણ નિર્ણય લેવાથી તમને નુક્સાન થઈ શકે છે.

# તડકાંછલા ગામે આકર્ષક અને ઉત્સાહભર્યું બી.કે.પી.એલ (BKP League) 2 ક્રિકેટ ટુર્નામેન્ટ નું ભવ્ય આયોજન



• અંજુમ ખત્રી છોટાઉદેપુર

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના તડકાંછલા ગામે આકર્ષક અને ઉત્સાહભર્યું બી.કે.પી.એલ (BKP League) 2 ક્રિકેટ ટુર્નામેન્ટ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. બોડેલી ખત્રી પ્રીમિયમ લીગ સીઝન ટુ આયોજન કરાયું હતું. જેમાં 5 ટિમ વચ્ચે ભાગ લીધો હતો USA વોરિયર,બોડેલી લોયોન,સહકાર વોરિયર,BM બ્લાસ્ટર,વૉન્ડર બોય આ કુલ 5 ટિમો વચ્ચે મુકાબલો થયો હતો. આ ક્રિકેટ લીગમાં સ્થાનિક યુવાનોનો જબરદસ્ત ઉત્સાહ જોવા મળ્યો હતો. ટુર્નામેન્ટમાં કુલ 5 ટીમો એ ભાગ લીધો હતો અને દરેક ટીમે શ્રેષ્ઠ પ્રદર્શન આપવા માટે પૂરો જોર લગાવ્યો હતો. બોડેલી ના ખત્રી સમાજ ના યુવાનો એ તડકાછાલા ગામના મેદાનમાં ક્રિકેટપ્રેમીઓનો ભારે માહોલ જોવા મળ્યો હતો. મેચ દરમિયાન અનેક રોમાંચક ક્ષણો સર્જાઈ. ખેલાડીઓએ બેટિંગ, બોલિંગ અને ફિલ્ડિંગમાં ઉત્તમ પ્રતિભા દર્શાવીને દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા. આયોજક મંડળ દ્વારા ખેલાડીઓનું મનોબળ વધે તે માટે તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. સાથે જ અંતિમ મેચ પછી વિજેતા અને ઉપવિજેતા ટીમોને ટ્રોફી સાથે સન્માનિત કરવામાં આવશે તેવી માહિતી મળી છે. આવી લીગો દ્વારા ગ્રામ્ય ક્ષેત્રના યુવાનોને પોતાની પ્રતિભા રજૂ કરવાની તક મળે છે અને રમત-ગમત પ્રત્યેનો ઉત્સાહ પણ વધે છે.




**રાજકીય ગતિવીધી** નશા મુક્ત ગુજરાત' અભિયાન હેઠળ ગુજરાત એન.એસ.યુ.આઈ. દ્વારા ગુજરાત યુનિવર્સિટીથી વિવિધ કેમ્પસો આવરી લઈને બાઈક રેલી યોજાઈ

# ગુજરાતમાં દારૂ અને ડ્રગ્સની બેફામ બદી સામે કોંગ્રેસનું મોટું આંદોલન: 'નશા મુક્ત ગુજરાત' અભિયાન શરૂ, જનતા માટે હેલ્પલાઈન નંબર લોન્ચ

**વિશેષ હેલ્પલાઇન દ્વારા ૯૯૦૯૦ ૮૯૩૬૫ પર મિસ્ડ કોલ કરી 'નશા મુક્ત ગુજરાત' સમર્થન આપી શકાશે તથા ડ્રગ્સ, દારૂ અંગેની ફરીયાદ અંગે વોટસઅપ મેસેજ કરવા આહ્વાન**




• અમદાવાદ

નશા મુક્ત ગુજરાત' અભિયાન હેઠળ ગુજરાત એન.એસ.યુ.આઈ. દ્વારા ગુજરાત યુનિવર્સિટીથી વિવિધ કેમ્પસો આવરી લઈને બાઈક રેલી યોજાઈ જેમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમિત ચાવડા, કાર્યકારી પ્રમુખશ્રી ઈન્દ્રવિજયસિંહ ગોહિલ તથા ધારાસભ્યશ્રી જીગ્નેશભાઈ મેવાણી, યુવક કોંગ્રેસના પ્રમુખશ્રી હરપાલસિંહ ચુડાસમા સહિતના યુવા સાથીઓ - આગેવાનો જોડાયા હતા.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ખાતે પત્રકાર પરિષદને સંબોધન કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમિત ચાવડા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખશ્રી ઈન્દ્રવિજયસિંહ ગોહિલ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ અને ધારાસભ્ય શ્રી જીગ્નેશ મેવાણી, મહિલા કોંગ્રેસના પ્રમુખ શ્રી ગીતાબેન પટેલ, NSUI ગુજરાતના પ્રમુખશ્રી નરેન્દ્ર સોલંકી સહિતના કોંગ્રેસના અગ્રણી નેતાઓએ રાજ્યમાં દારૂ અને ડ્રગ્સના વ્યાપક દુષણ પર ચિંતા વ્યક્ત કરી હતી. આ ગંભીર સામાજિક સમસ્યા સામે લડવા માટે એક વ્યાપક 'નશા મુક્ત ગુજરાત' અભિયાનની સત્તાવાર જાહેરાત કરી હતી. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિત ચાવડાએ 'જનઆક્રોશ યાત્રા'ના તારણો રજૂ કરતાં જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીના ત્રણ દાયકાના શાસનમાં ગુજરાતની યુવા પેઢી અને પરિવારો નશાની બદીથી પીડાઈ રહ્યા છે. 'આ ડબલ એન્જિનની સરકારમાં રાજ્યના તમામ વર્ગના લોકો ત્રસ્ત છે. અમારી જનઆક્રોશ યાત્રા દરમિયાન ગામે-ગામથી એક જ આક્રોશ સાંભળવા મળ્યો કે ગુજરાતમાં પીવાનું પાણી ભલે ન મળે, પણ દારૂ ખુલ્લેઆમ મળી રહ્યો છે. આ દારૂની રેલમછેલ પાછળનું એકમાત્ર કારણ પોલીસ, પ્રશાસન અને ગાંધીનગરમાં બેઠેલી સરકારની અકર્મણ્યતા છે. આ ભ્રષ્ટ તંત્રને નિયમિત હપ્તા મળતા હોવાથી બુટલેગરો બેફામ બન્યા છે.'

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિત ચાવડાએ ડ્રગ્સના વધતા વેપાર પર ગંભીર સવાલો ઉઠાવતા કહ્યું, 'છેલ્લા દસ વર્ષમાં ગુજરાત જાણે ડ્રગ્સનું લેન્ડિંગ હબ, મેન્યુફેક્ચરિંગ હબ અને રીટેલિંગ હબ બની ગયું છે. અદાણી પોર્ટ હોય કે અન્ય દરિયાકાંઠાના વિસ્તારો, કરોડો રૂપિયાનું ડ્રગ્સ પકડાઈ રહ્યું છે. હવે તો ફાર્મા અને કેમિકલ કંપનીઓની આડમાં પણ ગેરકાયદે ઉત્પાદન થઈ રહ્યું છે. દુઃખની વાત એ છે કે, દારૂ અને ડ્રગ્સના રવાડે ચઢેલા યુવાનોને કારણે અનેક પરિવારો, અનેક જિંદગીઓ બરબાદ થઈ છે. નાની ઉંમરે આપણી બહેન-દીકરીઓ વિધવા બની રહી છે. મહિલાઓએ અમને કહ્યું છે કે, હવે સહનશીલતાની હદ આવી ગઈ છે, અમારે રસ્તા પર ઉતરીને લડવું છે.' 'આ કોઈ રાજકીય કાર્યક્રમ નથી, અત્યારે કોઈ ચૂંટણી નથી, પણ આ ગુજરાતની અસ્મિતા માટેની લડાઈ છે. અમે 'નશા મુક્ત ગુજરાત' અભિયાન શરૂ કરી રહ્યા છીએ. હું તમામ જ્ઞાતિ, જાતિ, ધર્મ અને પક્ષાપક્ષીથી ઉપર ઉઠીને ગુજરાતના ભવિષ્ય માટે આ લડતમાં જોડાવા આહ્વાન કરું છું.'

કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ શ્રી ઈન્દ્રવિજયસિંહ ગોહિલએ જણાવ્યું, 'ભૂતકાળમાં પંજાબમાં ડ્રગ્સની બદી સામે કોંગ્રેસ સરકારે કડક પગલાં લીધા હતા. તો શા માટે ગુજરાતમાં 'ઉડતા ગુજરાત' જેવી પરિસ્થિતિ ઉભી થઈ છે? સરકાર માત્ર નાના ડ્રગ્સ પેડલરોને પકડીને સંતોષ માને છે, પણ મોટા માફિયાઓ સુધી સરકારનો હાથ કેમ નથી પહોંચતો?

ગુજરાત પાસે લાંબો દરિયાકિનારો હોવા છતાં, માત્ર ગુજરાત જ ડ્રગ્સનું લેન્ડિંગ હબ કેમ બન્યું? સરકારે આનો જવાબ આપવો પડશે.' 'ડ્રગ્સના આ દુષણથી ગરીબ વર્ગ જ નહીં, પણ સુખી-સમૃદ્ધ અને મધ્યમ વર્ગના બાળકો પણ બરડાઈ રહ્યા છે. ડ્રગ્સ માફિયાઓનું સૌથી મોટું માર્કેટ કોલેજ કેમ્પસ છે. અમે આગામી દિવસોમાં એનએસયુઆઈના માધ્યમથી ૧૦૦૦ થી વધુ કોલેજોમાં જઈને વિદ્યાર્થીઓને નશો ન કરવાની શપથ લેવડાવશું અને 'ડ્રગ્સ ફ્રી કેમ્પસ'નું અભિયાન ચલાવશું.'

ધારાસભ્ય શ્રી જિગ્નેશ મેવાણીએ સરકાર સામે આક્રમક સવાલો કર્યા હતા. '૭૨,૦૦૦ કરોડના ડ્રગ્સના મુદ્દે સરકાર સાચો આંકડો રજૂ કરવા માટે વ્હાઈટ પેપર ક્યારે રજૂ કરશે? પાકિસ્તાનથી ડ્રગ્સ આવતું હોય તો સરકાર સીસફાયર કરતી વખતે ડ્રગ્સ ન લાવવાની શરત કેમ નથી મૂકતી? કયા એ માણસો છે જે આટલી મોટી કિંમતનું ડ્રગ્સ ખરીદવાના હતા? આના માફિયાઓ કેમ નથી પકડાતા?' 'મુખ્યમંત્રી અને ગૃહમંત્રી આજે છાતી ઠોકીને કહી શકતા નથી કે તેમના પોતાના વિધાનસભા ક્ષેત્રમાં દારૂ, જુગાર કે કુટણખાનાના અડ્ડા નથી ચાલતા. અમે જનતાને બાંહેધરી આપીએ છીએ કે કોંગ્રેસના સિપાઈ તરીકે અને એક જાગૃત નાગરિક તરીકે અમે તમારી માહિતીને ગુપ્ત રાખીને આ ભ્રષ્ટ તંત્ર સામે લડશું. આ મુહિમમાં તમારો સાથ-સહકાર અનિવાર્ય છે.' શ્રીમતી ગીતાબેન પટેલ: 'મહિલાઓ રોડ પર ઉતરીને અડ્ડાઓ પર રેડ પાડશે.'

---

ગુજરાતમાં છેલ્લા એક વર્ષ દરમિયાન

# ૧.૨૦ લાખ હેક્ટર વાવેતર વિસ્તારને સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ હેઠળ આવરી લેવાયો

**પ્રોત્સાહન** ખેડૂતોને ખાસ પ્રોત્સાહન આપવામાં આવે છે

આજના કૃષિ વૈશ્વિકરણ અને વૈવિધ્યતાના સમયમાં કૃષિને વધુ નફાકારક બનાવવા માટે સિંચાઈમાં પાણીનો અસરકારક ઉપયોગ અને વ્યવસ્થાપન થવું ખૂબ જ જરૂરી છે. એટલા માટે જ, વર્ષ ૨૦૦૫માં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની (GGRC)ના માધ્યમથી "સૂક્ષ્મ સિંચાઈ યોજના" અમલમાં મૂકી હતી. ખેડૂતો પાણીના મર્યાદિત ઉપયોગથી વધુમાં વધુ ખેત ઉત્પાદન મેળવી શકે તે માટે સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ શ્રેષ્ઠ વિકલ્પ છે. રાજ્યના મહત્તમ ખેડૂતો ટપક, ફૂવારા, રેઈન-ગન અને પોરસ પાઈપ જેવી અદ્યતન સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિનો ઉપયોગ કરી શકે તે માટે સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ ખેડૂતોને ખાસ પ્રોત્સાહન આપવામાં આવે છે. પાણીના ઓછા સ્ત્રોતવચ્ચે સૂક્ષ્મ સિંચાઈથી આશરે ત્રણ ગણો પિયત વિસ્તાર વધારી શકાય છે. એટલે જ, છેલ્લા બે દાયકાથી ગુજરાતમાં સૂક્ષ્મ સિંચાઈનો વ્યાપ અને સૂક્ષ્મ સિંચાઈ ક્ષેત્રે દેશમાં ગુજરાતનો દબદબો સતત વધી રહ્યો છે. વર્ષ ૨૦૦૫ થી નવેમ્બર-૨૦૨૫ સુધીમાં ગુજરાતના ૧૬.૨૮ લાખથી વધુ ખેડૂતોએ આશરે ૨૫.૦૫ લાખ હેક્ટર વિસ્તારમાં સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ અપનાવી છે અને આ ખેડૂતોને સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ અત્યાર સુધીમાં કુલ રૂ. ૯૨૨૪.૨૭ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી છે. જેમાં ગુજરાત સરકારનો ફાળો રૂ. ૫૭૪૦.૭૧ કરોડ અને ભારત સરકારનો ફાળો રૂ. ૩૪૮૩.૫૬ કરોડ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ખેતીમાં સૂક્ષ્મ સિંચાઈ જેવી અદ્યતન પદ્ધતિ અપનાવવાની દિશામાં ગુજરાતે હરણફાળ ભરી છે. વર્ષ ૨૦૨૩-૨૪માં આશરે ૧.૩૦ લાખ હેક્ટર વાવેતર વિસ્તારને સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ હેઠળ આવરી લેવામાં આવ્યો હતો. જ્યારે, ગત વર્ષ ૨૦૨૪-૨૫માં પણ આશરે ૧.૨૦ લાખ હેક્ટર વિસ્તારને સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ હેઠળ આવરી લેવાયો હતો, જે માટે ખેડૂતોને સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ કુલ રૂ. ૬૦૫.૪૨ કરોડની સહાય આપવામાં આવી છે,.

જેમાં રાજ્ય સરકારનો ફાળો રૂ. ૩૨૯.૪૨ કરોડ અને ભારત સરકારનો ફાળો રૂ. ૨૭૬ કરોડનો છે. સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ હેઠળ આવરી લેવાયેલા વિસ્તારની દૃષ્ટિએ ૪.૮૮ લાખ હેક્ટર વિસ્તાર સાથે બનાસકાંઠા જિલ્લો રાજ્યમાં મોખરે અને ત્યારબાદ, ૧.૮૫ લાખ હેક્ટર વિસ્તાર સાથે જૂનાગઢ જિલ્લો દ્વિતીય તેમજ ૧.૩૫ લાખ હેક્ટર વિસ્તાર સાથે રાજકોટ જિલ્લો ત્રીજા સ્થાને છે. આ ઉપરાંત ખેતીમાં સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિને વેગ આપવામાં રાજ્યના મધ્યમ વર્ગના ખેડૂતોનો ફાળો મહત્તમ રહ્યો છે. અત્યાર સુધીમાં રાજ્યના ૮.૯૨ લાખથી વધુ મધ્યમ વર્ગના ખેડૂતોએ ૧૬.૪૨ લાખ હેક્ટર વિસ્તારમાં સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ અપનાવી છે. જ્યારે, રાજ્યના ૪.૯૮ લાખથી વધુ નાના ખેડૂતોએ ૫.૯૦ લાખ હેક્ટર વિસ્તારમાં, ૧.૮૩ લાખથી વધુ સીમાંત ખેડૂતોએ ૧.૨૩ લાખ હેક્ટર વિસ્તારમાં અને ૫૫ હજારથી વધુ મોટા ખેડૂતોએ ૧.૪૯ લાખ હેક્ટર વિસ્તારમાં સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ અપનાવીને જળ સંચય અભિયાનને પણ વેગ આપ્યો છે. ગુજરાતમાં સૂક્ષ્મ સિંચાઈ હેઠળ આવરી લેવાયેલા કુલ ૨૫.૦૫ લાખ હેક્ટર વિસ્તાર પૈકી ૨૦.૫૨ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં ખેતી પાકો માટે તેમજ ૪.૫૨ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં બાગાયતી પાકો માટે ખેડૂતો દ્વારા સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ અપનાવવામાં આવી છે.

મુખ્ય ખેતી પાકોમાં મગફળી માટે ૧૧.૦૨ લાખ હેક્ટર, કપાસ માટે ૭.૫૬ લાખ હેક્ટર અને શેરડી માટે ૦.૧૬ લાખ હેક્ટર વિસ્તારને સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ હેઠળ આવરી લેવાયો છે. જ્યારે, બાગાયતી પાકોમાં બટાટા પાક હેઠળ ૨.૨૦ લાખ હેક્ટર, કેળ પાક હેઠળ ૦.૩૪ લાખ હેક્ટર, આંબા પાક હેઠળ ૦.૧૮ લાખ હેક્ટર અને શાકભાજી પાકો હેઠળ ૦.૯૨ લાખ હેક્ટર વિસ્તાર સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ હેઠળ આવરી લેવાયો છે.

---

# ડભોઈના ફરતીકુઈ પાસે ગમખ્વાર અકસ્માતમાં એકનું કરૂણ મોત

## રેતીના ઓવરલોડ વાહનોનો આતંક યથાવત

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ તાલુકામાં બેફામ દોડતા અને રેતીથી ઓવરલોડ થયેલા વાહનોનો કહેર યથાવત રહ્યો છે, જેના કારણે ફરી એક નિર્દોષ વ્યક્તિએ પોતાનો જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. ડભોઈ તાલુકાના ફરતીકુઈ ગામ નજીક વહેલી સવારે બે ટ્રક વચ્ચે ગંભીર અકસ્માત સર્જાતા એક વ્યક્તિનું કરૂણ મોત થયું છે. અકસ્માતની વિગતઃ સયાજી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત પ્રાપ્ત માહિતી અનુસાર, આજે વહેલી સવારે આશરે ૩:૦૦ વાગ્યાના અરસામાં આ દુર્ઘટના બની હતી. ડભોઈ-વડોદરા રોડ પર આવેલા ફરતીકુઈ ગામ પાસે એક ટ્રક રોડની બાજુમાં ઊભી હતી. આ દરમિયાન, ડભોઈ તરફ જઈ રહેલી અન્ય એક ટ્રકનો ચાલક વાહન પરનો કાબૂ ગુમાવતા તેણે ઊભેલી ટ્રકની પાછળના ભાગે જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ટ્રકમાં સવાર એક વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તને તાત્કાલિક સારવાર અર્થે



વડોદરાની સયાજી હોસ્પિટલ (SSG) ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે, ટક્કર એટલી ભયંકર હતી કે સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. અકસ્માતમાં જીવ ગુમાવનાર વ્યક્તિની ઓળખ સંદીપભાઈ બાબુભાઈ રાપુરેલીયા (ઉંમર ૪૪, રહે. ગોંડલ, જિલ્લો રાજકોટ) તરીકે થઈ છે ઘટનાની જાણ થતાં ડભોઈ પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચ્યો હતો અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી સ્થાનિક લોકોમાં છેલ્લા કેટલાક સમયથી ડભોઈ તાલુકામાં રેતી ભરેલી ઓવરલોડ ગાડીઓ બેફામ અને પૂરપાટ ઝડપે દોડતી હોવાને લઈને ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ ટ્રકો માત્ર ટ્રાફિકના નિયમોનું જ નહીં, પરંતુ સરકાર દ્વારા નિર્ધારિત વજન મર્યાદાનું પણ ઉલ્લંઘન કરે છે, જેના કારણે રસ્તાઓ ખરાબ થાય છે અને અકસ્માતનું જોખમ અનેકગણું વધી જાય છે. સ્થાનિકોની માગ છે કે ડભોઈ પોલીસ અને વહીવટી તંત્ર દ્વારા આ ઓવરલોડ અને બેફામ દોડતા વાહનો વિરુદ્ધ કડક પગલાં લેવામાં આવે,

---

# ઈડર શહેરમાં નવતર પહેલ- ભોઈ સમાજના યુવકે લોન્ચ કરી 'રાઈડ જોન' એપ



• દુર્ગેશ જયસ્વાલ સાબરકાંઠા.

અમદાવાદ, ગાંધીનગર, વડોદરા અને સુરત જેવા મોટા શહેરોમાં ઓલા-ઉબેરની એપ્લિકેશન દ્વારા જેમ લોકો સરળતાથી ઓનલાઈન બુકિંગ કરીને એક સ્થાનથી બીજા સ્થળે જઈ શકે છે, તેવી જ સુવિધા હવે ઈડર શહેરમાં પણ શરૂ થઈ છે. ભોઈ સમાજના યુવા ઉદ્યોગસાહસિક સંજયભાઈ ભોઈએ ઈડર માટે 'રાઈડ જોન' નામની મોબાઈલ એપ વિકસાવી છે. હાલ માં રાઈડ જોન એપ્લિકેશન નો ટેસ્ટ ચાલી રહ્યો છે આવનાર સમય માં આ એપ દ્વારા ઈડર શહેરના કોઈપણ સ્થળે જવા માટે રીક્ષા બુક કરવાની સુવિધા ઉપલબ્ધ કરાઈ છે, જેમાં નગરજનો માત્ર મેસેજ ટાઈપ કરીને પણ રીક્ષા બોલાવી શકે છે. આવનારા સમયમાં ફોર વ્હીલર, લોડિંગ ટેમ્પો સહિત અન્ય વાહનોને જોડવાની તૈયારી ચાલી રહી છે. આથી ઈડર નગરજનો માટે દૈનિક અવરજવર વધુ સરળ બનશે, સાથે જ માલસામાન લાવવા-લઈ જવાની સેવા પણ સહેલાઈથી ઉપલબ્ધ થશે. 'રાઈડ જોન' એપ્લિકેશન ઈડર શહેર માટે એક આશીર્વાદરૂપ પ્રયોગ સાબિત થશે એવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

---

# હું કંટાળી ગયો છું પત્નીને ફોન કર્યા પછી પતિ ગુમ થયો

• _ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ તાલુકાના ચનવાડા ગામે રહેતા પતિએ પોતાની પત્નીને હું કંટાળી ગયો છું. મને શોધતા નહીં એમ ફોન કર્યા પછી પતિ ગુમ થયો હોવાની ફરિયાદ નોંધાવાઈ હતી. પ્રાપ્ત વિગત મુજબ ડભોઈ તાલુકાના ચનવાડા ગામે વણકર ફળિયામાં રહેતા ૩૯ વર્ષના સીમાબેન લક્ષ્મણભાઈ વણકરે ડભોઈ પોલીસમાં જણાવ્યું હતું કે ગત સાંજે ૬:૦૦ વાગ્યે તેઓ પોતાના ઘરે હતા ત્યારે તેમના મધ્યમ પાતળી કાઠીનાં, ઘઉં સેન્ટીમીટરની ઊંચાઈ ધરાવતા ૪૫ વર્ષના પતિ લક્ષ્મણ વિઠ્ઠલ વણકારે કેનાલ પાસે આવેલી રેતી ચાળવાના પ્લાન્ટ પરથી મોબાઈલ ફોન કર્યો હતો અને સીમાબેનને જણાવ્યું હતું કે હું કંટાળી ગયો છું. મને શોધતા નહીં ત્યારબાદ ફોન કરતાં ફોન સ્વીચ ઓફ આવતો હતો. તેથી પતિ ગુમ થયો હોવાની ફરિયાદ નોંધાવાઈ હતી. લક્ષ્મણભાઈએ પીળા રંગનું આખી બાંયનું શર્ટ અને ચીકણી રંગનું પેન્ટ પહેર્યું છે તેની ઉપર દુધિયા રંગનું અડધી બાય નું જેકેટ અને પગમાં બુટ પહેર્યા હોવાની તેમજ ગુજરાતી તથા હિન્દી ભાષા જાણતા હોવાનું ફરિયાદમાં ઉમેર્યું હતું.

---

મીડિયાના અહેવાલ બાદ તંત્ર સફાળું જાગ્યું

# ડભોઈ: વેગા રેલવે ડભોઈ: વેગા રેલવે ઓવરબ્રિજ પરની ઝાડી-ઝાંખરા સાફ

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ-બૈવ તરફ જતા વેગા રેલવે ઓવરબ્રિજ પર રસ્તાની બંને બાજુ ઉગી નીકળેલા ગાઢ ઝાડી-ઝાંખરાને કારણે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો. વિશિષ્ટ રીતે વળાંકવાળા આ ઓવરબ્રિજ પર ઝાડીઓ એટલી બધી વધી ગઈ હતી કે સામેથી આવતા વાહનોનો અંદાજ મેળવવો મુશ્કેલ બની જતો, જેના કારણે અકસ્માતનો ભય રહેતો હતો. મીડિયામાં અહેવાલ અને તંત્રની દોડધામ છેલ્લા ઘણા સમયથી આ ઓવરબ્રિજ પર સાફ-સફાઈ કરવામાં આવી નહોતી, ચોમાસું પૂરું થઈ ગયા છતાં તંત્રએ આંખ



આડા કાન કર્યા હતા. જોકે, જ્યારે આ ગંભીર સમસ્યા અંગે મીડિયામાં અહેવાલ પ્રસ્તુત કરવામાં આવ્યો, ત્યારે તંત્ર સફાળું જાગ્યું અને તાત્કાલિક પગલાં લેવા દોડતું થયું હતું. તાત્કાલિક સફાઈ કામગીરી મીડિયાના અહેવાલના પગલે, તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે ઓવરબ્રિજની આગળ-પાછળ અને કિનારીઓ પર ઉગી ગયેલા તમામ ઝાડી-ઝાંખરાને સાફ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ સફાઈ કામગીરીને કારણે હવે ઓવરબ્રિજ પરનો રસ્તો સંપૂર્ણપણે ખુલ્લો અને સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. વાહનચાલકોએ માન્યો આભાર ઝાડી-ઝાંખરા દૂર થવાથી હવે વાહનચાલકોને ટ્રાફિક અને સુરક્ષાની દ્રષ્ટિએ મોટી રાહત મળી છે. પોતાનો જીવ જોખમમાં મૂકીને મુસાફરી કરતા સ્થાનિકો અને વાહનચાલકોએ આ સમસ્યાને ઉજાગર કરવા બદલ મીડિયાનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. મીડિયાના અહેવાલને કારણે જ લાંબા સમયથી અવગણાયેલી આ કામગીરી પૂર્ણ થઈ શકી છે.

# નરોડાથી વિંઝોલ ખારીકટ કેનાલ ફેઝ-ટુ,૯૭૯ કરોડના ખર્ચે ડેવલપ કરાશે

### ફેઝ-વનની કામગીરી જાન્યુઆરીમાં પુરી થશે

• અમદાવાદ

અમદાવાદ પૂર્વના મોટા ભાગના વિસ્તારોને આવરી લેતી ખારીકટ કેનાલને પાંચ ફેઝમાં રિ-ડેવલપ કરવા મંજુરી અપાઈ હતી.ફેઝ-વનની કામગીરી જાન્યુઆરીમાં પુરી કરાશે. નરોડા મુકિતધામથી વિંઝોલ વહેળા સુધી કેનાલને ફેઝ-ટુમાં રુપિયા ૯૭૯ કરોડના ખર્ચથી ડેવલપ કરાશે. કોંકણ રેલવે કોર્પોરેશન, ફુજી સિલ્વર ટ્રેક પ્રા.લી.જોઈન્ટ વેન્ચરમાં કેનાલ ડેવલપમેન્ટની કામગીરી કરશે. વર્તમાન ટર્મ પુરી થવા જઈ રહી છે. હાલના મેયર ખારીકટ કેનાલ રિ-ડેવલપમેન્ટનુ ખાતમૂહુર્ત કરાવશે.



સરદાર પટેલ રીંગ રોડથી નરોડા મુકિતધામ અને વિંઝોલ વહેળાથી આવકાર હોલ ઘોડાસર થઈ વટવા તેમજ વટવા થઈ સરદાર પટેલ રીંગ રોડ સુધી રોપડા તળાવ થઈ ખારીકટ કેનાલના રિ-ડેવલપમેન્ટ ફેઝ-ટુ માટે સ્ટેન્ડિંગ કમિટીએ દરખાસ્ત મંજૂર કરી હતી.ચેરમેન દેવાંગ દાણીએ કહયુ, ફેઝ-વનની કામગીરી ૧૫ જાન્યુઆરી-૨૬ સુધીમા પુરી થઈ જશે. ફેઝ-વનમા આવતા રૂટ ઉપર વિવિધ સ્પોટ ઉપર ૯૬ જેટલા પોલ લાગી ગયા છે.રોડ ઉપર બ્યુટીફિકેશન કરાશે.૧૧૦ વર્ષ પહેલા ખારીકટ કેનાલ બનાવાઈ હતી.ફેઝ-ટુમાં આશરે ૨૨ કિલોમીટર લંબાઈમાં ખુલ્લી કેનાલના સ્થાને ઉપલબ્ધ પહોળાઈ મુજબ અમુક ભાગમાં આર.સી.સી.સ્ટ્રોમ વોટર બોકસ સહિત કેનાલ બોકસ સ્ટ્રકચર,કેટલાક ભાગમાં માત્ર કેનાલ બોકસ સ્ટ્રકચર અને કેટલાક ભાગમાં માત્ર સ્ટ્રોમ વોટર બોકસ સ્ટ્રકચરની જોગવાઈ સાથે સ્ટ્રકચરનું બાંધકામ કરી તેના ઉપરથી રસ્તાનુ નિર્માણ કરવાની કામગીરી કરવામા આવશે.

**FIR નોંધાઈ**

### સુપ્રીમ કોર્ટના નકલી ઓર્ડરનો પણ ઉપયોગ

# અમદાવાદ વધુ એક વરિષ્ઠ નાગરિકે 'ડિજિટલ અરેસ્ટ' કૌભાંડમાં 15.2 લાખ ગુમાવ્યા

### આ રીતે ગભરાવ્યા પછી થઈ EDની એન્ટ્રી

• અમદાવાદ

અમદાવાદના 67 વર્ષીય નિવૃત્ત નાગરિક ફરી એકવાર સુનિયોજિત સાયબર ફ્રોડનો શિકાર બન્યા છે. મુંબઈ પોલીસના વરિષ્ઠ અધિકારીઓ અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ના અધિકારીઓ તરીકે ઓળખ આપીને ઠગબાજોએ તેમને ડિજિટલ એરેસ્ટને ધરપકડની ધમકી આપી હતી. આ લોકોએ તેમના પર આતંકવાદને ભંડોળ પૂરું પાડવાનો આરોપ લગાવ્યો હતો. બાદમાં તેમને ખોટા 'વેરિફિકેશન' માટે પૈસા ટ્રાન્સફર કરવા મજબૂર કર્યા હતા, જેમાં નિવૃત્ત નાગરિકે 15.2 લાખ ગુમાવ્યા છે.

સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી FIR મુજબ, અમદાવાદમાં ન્યૂ ગુંજન વિસ્તારમાં પત્ની સાથે રહેતા નિવૃત્ત નરેશભાઈ શાહને 28 નવેમ્બરથી 2 ડિસેમ્બર દરમિયાન ફોન કોલ્સ, વોટ્સએપ વીડિયો કોલ્સ અને બનાવટી દસ્તાવેજો દ્વારા નિશાન બનાવાયા હતા. આ દસ્તાવેજો પર કથિત રીતે ED અને સુપ્રીમ કોર્ટના લોગો હતા.

28 નવેમ્બરની મધ્યરાત્રિ બાદ નરેશભાઈને પહેલીવાર એક વ્યક્તિનો કોલ આવ્યો, જેણે પોતાની ઓળખ મુંબઈ પોલીસમાં ફરજ બજાવતા IPS સંદીપ રોય આપી હતી. તેણે દાવો કર્યો કે, નરેશભાઈ શાહનો આધાર નંબર બંગાળમાં 'એક ઈસ્લામિક સંગઠન પર દરોડા'ની કાર્યવાહીમાં મળ્યો છે, જેનો ઉપયોગ મની લોન્ડરિંગ અને આતંકવાદને ભંડોળ પૂરું પાડવા માટે થયો છે.

આમ કહીને ઠગબાજે વોટ્સએપ વીડિયો કોલમાં પોલીસ યુનિફોર્મમાં દેખાઈને વિશ્વાસ કેળવી લીધો હતો.ત્યારપછી તેણે નરેશભાઈ અને તેમના પત્નીના લાઈવ ફોટાની માંગણી કરી અને અબ્દુલ રહીમ નામના શંકાસ્પદ વ્યક્તિ પાસેથી કથિત રીતે મળેલા આધાર કાર્ડ, ATM કાર્ડ અને બનાવટી FIR દસ્તાવેજોના ફોટા મોકલ્યા હતા. નરેશભાઈ ગભરાઈ જતાં, તેમને વોટ્સએપ પર અન્ય એક વ્યક્તિ સાથે પરિચય કરાવાયો હતો. તેણે પોતાની ઓળખ મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ અધિકારી પ્રદીપ જયસ્વાલ તરીકે આપી હતી. આ બંનેએ EDના લોગો ધરાવતા નકલી દસ્તાવેજો શેર કર્યા, જેમાં ગેરકાયદે પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (UAPA) અને મની લોન્ડરિંગ નિવારણ અધિનિયમ (PMLA) હેઠળ કાર્યવાહીની ધમકી આપી હતી. આ દરમિયાન ઠગબાજોએ નરેશભાઈ અને તેમના પત્નીને દર બે કલાકે સેલ્ફી મોકલવાનો આદેશ આપ્યો હતો, જેથી 'લાઈવ હાજરી' કન્ફર્મ થઈ શકે. આ સાથે જ, કોઈને પણ આ વાત ન જણાવવાની સખત ચેતવણી આપી હતી. આ દરમિયાન તેમણે સુપ્રીમ કોર્ટ દ્વારા કથિત રીતે ઈસ્યૂ કરાયેલો અને ભારત સરકારના સચિવ કક્ષાના હોદ્દેદાર દ્વારા સહી કરાયેલો એક નકલી દસ્તાવેજ ફોરવર્ડ કર્યો હતો, જેમાં આતંકવાદને ભંડોળ પૂરું પાડવાના કથિત જોડાણો દર્શાવીને તપાસની શરતોનું પાલન કરવાનો નિર્દેશ આપ્યો હતો. આ સાથે આરોપીઓએ નરેશભાઈની બેંક વિગતો, મિલકતની માહિતી અને અંગત ડેટા પણ મેળવી લીધો હતો. છેવટે, તેમણે નરેશભાઈને જણાવ્યું કે સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ, તેમના બધા પૈસા કાળું નાણું નથી તે નક્કી કરવા માટે વેરિફિકેશન કરવું પડશે. આ માટે તમામ પૈસા એક ખાતામાં ટ્રાન્સફર કરો. જો તે પૈસા કાયદેસર હશે તો પરત આવી જશે.

### ૨૦૩૦ની કોમન વેલ્થ ગેમ્સ અમદાવાદમાં યોજાશે

# ટેલેન્ટેડ ખેલાડી શોધી તૈયાર કરતા જિલ્લા રમત વિકાસ અધિકારીની કાયમી નિમણૂક થતી નથી

**તૈયારીઓને ફટકો**

### પ્રતિભાશાળી ખેલાડીને ઓળખીને તૈયાર કરવાની કામગીરી થઈ શકે નહિ

• અમદાવાદ

વિશ્વના અન્ય દેશોમાં રમતોત્સવ માટે દસને બાર વર્ષ પહેલાથી ખેલાડીઓને તૈયાર કરવામાં આવે છે ત્યારે ૨૦૩૦ની સાલની કોમનવેલ્થ ગેમ્સના યજમાન બનેલા ગુજરાતમાં નવી ટેલન્ટને શોધીને તેને તૈયાર કરવાની કામગીરી કરતાં ૪૧ જિલ્લા રમત વિકાસ અધિકારીની કાયમી નિમણૂક કરવામાં આવતી જ નથી. અત્યારે તમામ ૩૩ જિલ્લા અને આઠ મહાનગર પાલિકામાં જિલ્લા રમત વિકાસ અધિકારી તરીકેનો ચાર્જ જ સોંપવામાં આવેલો છે. તેમાંય આઘાતજનક બાબત તો એ છે કે અમદાવાદમાં સમીરકુમાર પંચાલને તો આસિસ્ટન્ટ ડાયરેક્ટર, સ્પોટ્ર્સ ઓથોરિટી ઓફ ગુજરાતની સહીથી જિલ્લા રમત વિકાસ અધિકારીનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. આ રીતે ચાર્જ સોંપવાનો અધિકાર માત્ર સ્પોટ્ર્સ ઓથોરીટી ઓફ ગુજરાતના ડિરક્ટર જનરલ-ડીજી પાસે જ છે.

ટેલેન્ટેડ ખેલાડી શોધી તૈયાર કરતા જિલ્લા રમત વિકાસ અધિકારીની કાયમી નિમણૂક થતી નથી 2 - imageટેલેન્ટેડ ખેલાડી શોધી તૈયાર કરતા જિલ્લા રમત વિકાસ અધિકારીની કાયમી નિમણૂક થતી નથી 3 - imageબીજું જિલ્લા રમત વિકાસ અધિકારીનો ચાર્જ આપવામાં રોસ્ટરના નિયમનું પણ પાલન કરવામાં આવતું નથી. અમદાવાદ જિલ્લા રમત વિકાસ અધિકારી તરીકે નિમણૂક પામેલા અનિરુદ્ધ દેસાઈ રોસ્ટરમાં અંદાજે ૧૦૭માં ક્રમે હોવાનું જાણવા મળી રહ્યું છે.તેમાંય ૧૬મી જૂન ૨૦૧૫થી ૪૧ જગ્યા પર કાયમી નિમણૂક કરવાનો ઓર્ડર નીકળી ગયો હોવા છતાંય આજ સુધી બઢતી સાથે ૪ ચીફ કોચ, બઢતી સાથે ૧ આસિસ્ટન્ટ ડિરેક્ટર, ૪૧ જિલ્લા રમત વિકાસ અધિકારીની તથા બીજી ૫૦ કોચની સીધી ભરતી કરવાનો ઓર્ડર નીકળી ચૂક્યો છે. તેમ જ ક્લાર્કની જગ્યા પર બે ભરતી કરવાની છે. આ ૪૧ જગ્યામાં ૩૩ જિલ્લા અના આઠ મહાનગર પાલિકાની જગ્યાઓનો સમાવેશ થાય છે. પરંતુ કાયમી નિમણૂક કરવાને બદલે આ તમામ હોદ્દાનો માત્ર ચાર્જ સોંપી દેવામાં આવેલો છે.

હંગામી નિમણૂકવાળી ૪૧ જગ્યા પર ૫૦ ટકાને રોસ્ટરના નિયમને ચાતરી જઈને ચાર્જ સોંપવામાં આવ્યો છે. જિલ્લા રમત વિકાસ અધિકારીનો ચાર્જ સંભાળી રહેલા અધિકારીઓની નિમણૂક હંગામી ધોરણે કરવામં આવેલી હોવાથી તેમને ગમે ત્યાર તેમના હાથમાંથી ચાર્જ લઈ લેવાશે તેવી દહેશત હેઠળ જીવવું પડી રહ્યું છે. અમદાવાદમાં સમીર પંચાલને આ રીતે જ હોદ્દો આપવામાં આય્યો છે. આ સ્થિતિમાં તેઓ પણ પ્રતિભાશાળી ખેલાડીઓને શોધીને તેમને એશિયન ગેમ્સ માટે તૈયાર કરવાની કામગીરી કરી શકતા નથી.

બીજું, સ્પોટ્ર્સ ઓથોરિટી ઓફ ગુજરાતમાં રમતગમતની ઝાઝી સમજણ ન ધરાવાત અને આસિસ્ટન્ટ ફાઈનાન્સ ડિરેક્ટરના હોદ્દા પર કામ કરતાં મિતેશ બારોટને માથે સ્કૂલના વિદ્યાર્થીને રમતગમતની તાલીમ આપવાનું, ડિસ્ટ્રીક્ટ લર્નિંગ સ્પોટ્ર્સ સ્કૂલમાં જઈને પ્રતિભાશાળી ખેલાડીઓને પરખીને તૈયાર કરવાની કામગીર સોંપવામાં આવી છે. ફાઈનાન્સના માણસને રમત ગમતની અને તેમાંય ખાસ કરીને તાલીમ આપવાની કોઠા સૂઝ ન હોય તેવી દલીલ સાથે તેમની નુમણૂક સામે વિરોધ ઊટયો છે.આસિસ્ટન્ટ ડિરેકટરના હોદ્દા પર નેશનલ લેવલેથી ઈન્ટરનેશનલ લેવલ સુધી ખેલાડીઓને તૈયાર કરીને લઈ જવા માટે પ્રોત્સાહન આપવાના કામની જવાબદારી અમિત ગામિતને સોંપવાના નિર્ણય સામે પણ ખાસ્સો આંતરિક વિરોધ જોા મળી રહ્યો છે

# આણંદમાં કપાસિયા બજારમાં 23 લાખના ખર્ચે બનેલો આરસીસી રોડ તોડવાનું શરૂ

### 44 દિવસ અગાઉ રોડ નબળી કક્ષાનો બન્યો હતો

• આણંદ

આણંદના કપાસિયા બજારમાં દિવાળીના એક દિવસ અગાઉ રવિરાજ કન્સ્ટ્રક્શન કંપનીએ ૨૩ લાખના ખર્ચે બનાવેલો તકલાદી આરસીસી રોડ તોડવાનું શરૂ કર્યું છે. આ ૫૦ મીટરનો રોડ ભંગાર થતાં મનપા દ્વારા કોન્ટ્રાક્ટરને બિલ પણ ચૂકવાયું નથી. ૫૦ મીટરનો તૂટી ગયો છે તેટલો રોડ કોન્ટ્રાક્ટરને ખર્ચે બનાવવામાં આવશે.



આણંદના કપાસિયા બજાર વિસ્તારમાં ટાવરથી કૈલાશ ભૂમિ તરફ જતા રોડ ઉપર રવિરાજ કન્સ્ટ્રક્શન કંપનીને રૂ. ૨૩ લાખનો આરસીસી રોડ બનાવવાનો કોન્ટ્રાક્ટ મહાનગરપાલિકાએ અપાયો હતો. જે રોડ માટે દિવાળીના આગળના દિવસે આરસીસી રોડ બનાવવાનું કામ શરૂ કરાયું હતું. નૂતન વર્ષની વહેલી સવારથી જ રોડ ઉપર વાહન વ્યવહાર શરૂ થઈ જતા આરસીસી રોડમાં ખાડા પડી ગયા હતા અને કપચી પણ ઉખડી ગઈ હતી. આ વિસ્તારના રહિશોએ કોન્ટ્રાક્ટરે નબળી ગુણવત્તાનો માલ વાપર્યો હોવાની ફરિયાદો ઉઠી હતી. ત્યારે ગુરૂવારે સવારે જેસીબી દ્વારા કપાસિયા વિસ્તારના અમુક ભાગના આરસીસી રોડ તોડવાનું કામની શરૂઆત કરી છે. મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનર એસ.કે ગરવાલે જણાવ્યું હતું કે, દિવાળીની રાત્રે રોડ બનાવવામાં આવ્યો હતો અને આડસો પણ મૂકવામાં આવી હતી. પરંતુ વાહન ચાલકો દ્વારા આડેધડ નવા બનાવેલા આરસીસી રોડ ઉપર અવરજવર કરાતા રોડની ગુણવત્તા ઉપર અસર થઈ હતી. જે સંદર્ભે ફરિયાદો થવાથી મનપા દ્વારા રવિરાજ કન્સ્ટ્રક્શનને રૂ. ૨૩ લાખના બિલની ચુકવણી કરવામાં આવી ન હોતી. હાલ આ આરસીસી રોડ ફરીથી કોન્ટ્રાક્ટરના ખર્ચે બનાવવા માટે લેખિતમાં જાણ કરવાથી ૫૦ મીટરથી વધુ રોડ તૂટી ગયો હતો તે રોડ કોન્ટ્રાક્ટર પોતાના ખર્ચે બનાવી રહ્યો છે મનાપા દ્વારા કોઈ પણ જાતના બિલની ચુકવણી કરવામાં આવશે નહીં.

# સુભાષબ્રિજનો કેટલોક ભાગ બેસી જતા પાંચ દિવસ વાહન વ્યવહાર માટે બંધ

### શાહીબાગ ડફનાળા સહિતના વિસ્તારમાં ટ્રાફિક જામ

• અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના બ્રિજ પ્રોજેકટ વિભાગ દ્વારા ગુરુવારે બપોરે ૫૨ વર્ષ જુના એવા સુભાષબ્રિજનો કેટલોક ભાગ બેસી ગયો હોવાની તંત્રને જાણ કરવામા આવતાની સાથે મોટી દુર્ઘટના બનતી ટાળવા માટે પાંચ દિવસ બ્રિજ ઉપર તમામ પ્રકારના વાહન વ્યવહારને બંધ કરવાનો નિર્ણય લેવામા આવ્યો હતો. સુભાષબ્રિજ લોકોની અવરજવર માટે બંધ કરવામા આવતા સાંજના સમયે વાડજથી સુભાષ બ્રિજ તરફ જતા અને શાહીબાગ ડફનાળાથી સુભાષબ્રિજ તરફ જતા રસ્તાઓ ઉપર ટ્રાફિક જામમા વાહન ચાલકો અટવાયેલા જોવા મળતા હતા.

કોર્પોરેશન તરફથી શહેરના અલગ અલગ બ્રિજનુ ચોમાસા પહેલા ઈન્સપેકશન કરવામાં આવ્યુ હતુ. ચોમાસુ પુરુ થયા પછી શરુ કરવામા આવેલા અલગ અલગ બ્રિજના ઈન્સપેકશન દરમિયાન ગુરુવારે બપોરે સુભાષબ્રિજનો કેટલોક ભાગ બેસી ગયો હોવાની તંત્રને જાણ કરવામાં આવતા લોકોની સલામતી અને સુરક્ષાની બાબતને ગંભીરતાથી ધ્યાનમાં લઈ આ બ્રિજ પાંચ દિવસ માટે બંધ કરવાનો નિર્ણય લેવામા આવ્યો હોવાનુ બ્રિજ વિભાગના જિજ્ઞેશ શાહે કહયુ હતુ. સુભાષબ્રિજ લોકોની અવરજવર માટે એકાએક બંધ કરી દેવાતા વાડજથી સુભાષબ્રિજ તરફ જતા વાહન ચાલકો રસ્તામાં ભારે ટ્રાફિક જામ થવા પામ્યો હતો. આ ઉપરાંત સુભાષ બ્રિજ, આર.ટી.ઓ.સર્કલ પાસે પણ સાંજના સમયે ભારે ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળ્યા હતા. આજ પરિસ્થિતિ શાહીબાગ ડફનાળા સર્કલ આસપાસના વિસ્તારમાં જોવા મળી હતી.કોર્પોરેશન તરફથી ગુરુવારે છેક મોડી સાંજે સુભાષબ્રિજ પાંચ દિવસ માટે બંધ કરાયો હોવાની જાહેરાત કરતા લોકોને વૈકલ્પિક માર્ગ તરીકે દધીચી બ્રિજનો ઉપયોગ કરવા સુચના આપી હતી.

# દાણીલીમડામાં મહિલા પર હુમલો કરનાર બે શખ્સ ઝડપાયા

• અમદાવાદ

અમદાવાદના દાણીલીમડા વિસ્તારમાં જૂની અદાવતનો ખૂનીખેલ સામે આવ્યો છે. અહીં વર્ષ 2024માં થયેલા એક મર્ડર કેસનો બદલો લેવાના ઈરાદે મુખ્ય આરોપીના ભાઈએ ભોગ બનનાર મહિલા પર જીવલેણ હુમલો કર્યો હતો. ગત બીજી ડિસેમ્બરની રાત્રે બનેલી આ ઘટનામાં પોલીસે બે આરોપીઓની ગણતરીના કલાકોમાં ધરપકડ કરી લીધી છે. હુમલાખોરોએ મહિલા પર છરી વડે હુમલો કરી ખૂનની કોશિશ કરી હતી, જેના પગલે દાણીલીમડા વિસ્તારમાં ફરી એકવાર તણાવનો માહોલ જોવા મળી રહ્યો છે.

દાણીલીમડા પોલીસના જણાવ્યા અનુસાર, ગત બીજી તારીખની રાત્રે લગભગ 10.30 વાગ્યે રજીયાબાનું સૈયદ નામની મહિલા તેમની દુકાન પર હાજર હતા ત્યારે તેમના પર જીવલેણ હુમલો થયો હતો. હુમલાખોરોએ મહિલાના હાથ અને પેટના ભાગે છરીના ઘા માર્યા હતા, જે ખૂનની કોશિશ સમાન હતો. પોલીસ તપાસમાં થયેલો ખુલાસો થયો છે કે, આ હુમલા પાછળનું મુખ્ય કારણ જૂની અદાવત હતું. વર્ષ 2024માં ફરિયાદી મહિલા રજીયાબાનું સૈયદના દીકરાએ મુખ્ય આરોપી મઝર ઉર્ફે કસાઈ કુરેશીના ભાઈનું મર્ડર કર્યું હતું. આ હત્યાનો બદલો લેવા માટે મઝર અને તેના સાથી મોહમદ આઝાદીન અલીએ આ ખૂની હુમલો કર્યો હતો. મહત્વની વાત એ છે કે, જે ફરિયાદીના પુત્રએ અગાઉ મર્ડર કર્યું હતું, તે હાલમાં પેરોલ રજા પર બહાર છે.ઝડપાયેલા બંને આરોપીઓનો ગુનાહિત ઈતિહાસ જોતા સામે આવ્યું છે કે, મુખ્ય આરોપી મઝર ઉર્ફે કસાઈ કુરેશી વિરુદ્ધ દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં શરીર સંબંધિત છ જેટલા ગંભીર ગુનાઓ દાખલ છે, જ્યારે મોહમ્મદ આઝાદીન અલી વિરુદ્ધ પણ શરીર સંબંધિત એક ગુનો દાખલ થયેલો છે.

# ખંભાતની શૈક્ષણિક સંસ્થાના ટ્રસ્ટી પાસે ખંડણી માગવાના કેસમાં મનીષ મકવાણાની ધરપકડ

આણંદ: ખંભાતની એક જાણીતી શૈક્ષણિક સંસ્થાના ટ્રસ્ટી અને તેમના પરિવારના સભ્યો અને મિત્રના ફોટાઓ સાથેનું ન્યુઝ પેપરનું ખોટું કટીંગ બનાવી સોશિયલ મીડિયામાં વાયરલ કરી તેમજ મોર્ફ કરેલા બિભત્સ ફોટા એક કવરમાં પોસ્ટ મારફતે ટ્રસ્ટી તથા તેમના સંબંધીઓને મોકલી તેમજ વોટ્સએપ મારફતે ફોટા વાયરલ કરવામાં આવ્યા હતા. તેમજ ખંડણી માંગવામાં આવતા આણંદ સાયબર પોલીસ મથકે અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાઈ હતી. જે મામલે પત્રકાર મનીષ મકવાણાની ધરપકડ કરવામાં આવી છે.

આણંદ સાયબર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, આ કારસ્તાનના અજાણ્યા આરોપીઓએ ફરિયાદીના પત્ની, દીકરી અને મિત્રના ફોટાઓ સાથે ન્યુઝ પેપરનું ખોટું કટીંગ બનાવી સોશિયલ મીડિયામાં ફોરવર્ડ કર્યું હતું. તેમજ ફરિયાદીની દીકરી તથા તેમના મિત્ર સાથેના મોર્ફ કરેલ બિભસ્ત ફોટા પોસ્ટ મારફતે ફરિયાદીના ઘર સરનામે અને ફરિયાદીના સગા સંબંધીઓના સરનામે પોસ્ટ કરી તેમ વોટ્સએપ મારફતે વાયરલ કર્યા હતા. તેમજ પત્રકાર મનીષ મકવાણાનાએ આ ફોટાઓ બાબતે ફરિયાદી પાસે રૂપિયા એક લાખ માંગી અને ફરિયાદીના મિત્રને વોટ્સએપથી મોકલી ફોન કરી ફોટા વાયરલ કરવાની ધમકી આપીને રૂપિયા બે લાખની ખંડણી માંગી હતી. જે મામલે આરોપી પત્રકાર મનીષ મકાવાણાની સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે.

**ફ્લેટ વેચવાનો છે**

**ફ્લેટ 2BHK**

ફૂલી ફર્નિચર સાથે ૩ એ સી ,ફ્રીજ
ટી વી, ગેસ, ગીજર, મણિનગર
અમદાવાદ કોન્ટેક્ટ:9638877700

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI